# ઘરના વાતાવરણમાં સ્વર્ગનું અવતરણ

– શ્રીરામ શર્મા આચાર્ય

# ઘરના વાતાવરણમાં સ્વર્ગનું અવતરણ

લેખક

**શ્રીરામ શર્મા આચાર્ય**

પ્રકાશક :

**યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ**

**ગાયત્રી તપોભૂમિ, મથુરા.**

ફોન : (૦૫૬૫) ૨૫૩૦૧૨૮, ૨૫૩૦૩૯૯

મો૦ ૦૯૯૨૭૦૮૬૨૮૭, ૦૯૯૨૭૦૮૬૨૮૯

ફેક્સ : (૦૫૬૫) ૨૫૩૦૨૦૦

**પ્રાપ્તિસ્થાન**

**ગાયત્રી જ્ઞાનપીઠ**

પાટીદાર સોસાયટી, જૂના વાડજ,

અમદાવાદ- ૩૮૦૦૧૩

✆ ફોન નં. (079) 27557252

સુધારેલી આવૃત્તિ ૨૦૧૪ કિંમત રૂા. ૧૦.૦૦

Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# અનુક્રમણિકા


૧. ઘરના વાતાવરણમાં સ્વર્ગનું અવતરણ ૩

૨. આશ્રમ વ્યવસ્થા ઉપર એક દૃષ્ટિ ૯

૩. વાનપ્રસ્થ ૧૩

૪. સંન્યાસ ૧૪

૫. ઋષિઓની ગૃહસ્થ સાધના ૧૫

૬. ગૃહસ્થ ધર્મ તુચ્છ નથી ૨૪

૭. ગૃહસ્થ ધર્મમાં વૈરાગ્ય ૩૬

૮. ગૃહસ્થ યોગથી પરમપદ ૩૯

૯. વિવાહથી પુર્ણતાની પ્રાપ્તિ ૪૫

૧૦. ગૃહસ્થ યોગથી પરમ પદ ૫૧



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

## ઘરના વાતાવરણમાં સ્વર્ગનું અવતરણ

## ઘરગૃહસ્થી માયાજાળ કે પછી સાધનાભૂમિ

ભારતીય સંસ્કૃતિમાં ગૃહસ્થજીવનને એક ઉચ્ચકોટિનો યોગાભ્યાસ કહ્યો છે. યોગસાધનાનો અર્થ છે પોતાના સીમિત અને સંકુચિત અહંને અસીમ અને વિરાટ ચેતના સાથે એકાકાર કરી દેવો. ગૃહસ્થાશ્રમ સીમિતથી અસીમ તરફ અગ્રેસર થવા માટે ક્રમશઃ આગળ વધવાનો અભ્યાસ કરવા માટે ઋષિ પ્રણીત એક પ્રયોગશાળા છે. પ્રાચીન સમયમાં મોટા ભાગના ઋષિઓ પરણેલા હતા. આશ્રમોમાં ઋષિમુનિઓ ઋષિકુમારોને ભણાવતા તો તેમની પત્નીઓ ઋષિકન્યાઓને શિક્ષણ આપતી હતી. આપણી સંસ્કૃતિ પ્રમાણે લગ્ન એક પવિત્ર બંધન અને દરેક મનુષ્ય માટે જરૂરી ધર્મકૃત્ય છે.

આ ધર્મકાર્યને અપનાવીને લોકો પોતાના અહંના વિસ્તારની શરૂઆત કરતા હતા અને પરિવારના બીજા સભ્યો સુધી પોતાની આત્મભાવનાના ક્ષેત્રનો વિકાસ કરતા હતા. એ સ્વાભાવિક છે કે લગ્ન પછી પુરુષ અથવા સ્ત્રીની આત્મીયતાનું ક્ષેત્ર ઘણું જ વધી જાય છે. તેમાં સ્ત્રી, પુત્ર, પતિ, બાળકો, સગાસંબંધીઓ, પાડોશીઓ અને ઘરનાં પશુપક્ષીઓ સહિત તેમાં ભળી જાય છે. આ રીતે પરિણિત સ્ત્રી અથવા પુરુષ જો લગ્નબંધનના અર્થને સમજે તો ઉત્તરોત્તર પોતાના પ્રગતિના પંથે આગળ વધતા રહે છે.

બીજાઓ માટે પોતાના અહંને ભૂલી જવાની, પોતાના સ્વાર્થને ઓછો કરવાની તથા પરિવારના લોકોના હિતને મહત્ત્વ આપવાના અભ્યાસની સાધનાથી જ ગૃહસ્થસાધકો આગળ વધી શકે છે અને ધીરે ધીરે તુચ્છતાને મહાનતામાં તથા સંકુચિતતાને ઉદારતામાં બદલતા આગળ વધી શકે છે.

ભારતીય મનીષીઓએ લગ્ન સંબંધી ધર્મકાર્યથી વધીને અનેક હેતુઓને સંપન્ન કરવાની કલ્પના કરી હતી. માનવીય જીવનની



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ઉદ્દામ પ્રવૃતિઓને સંયમિત કરવા, પ્રકૃતિ દ્વારા આયોજીત સૃષ્ટિક્રમને સુવ્યવસ્થિત બનાવવા, સમાજમાં સ્વસ્થ વાતાવરણ તૈયાર કરવા તથા સુયોગ્ય નાગરિકોનું નિર્માણ કરવા જેવાં પ્રયોજનો પણ આ ધર્મકાર્ય સાથે જોડી રાખવામાં આવ્યા હતા. એક કુરૂપ અને બેડોળ પથ્થરને મૂર્તિકાર જેવી રીતે છીણી અને હથોડી લઈને સુંદર મૂર્તિ બનાવવામાં તન્મય બની જાય છે અને પોતાના અંતઃકરણમાં રહેલી મૂર્તિને પથ્થરમાં કંડારે છે, તે જ કક્ષાની સાધના, ગૃહસ્થધર્મની કલ્પના કરતી વખતે જરૂરી સમજવામાં આવી હશે. અને તે માધ્યમથી તે સાધનાને વ્યાવહારિક સ્વરૂપ આપવામાં આવ્યું હશે. પ્રકૃતિના ઉદંડ આવેગોને સીમિત કરવાનો ઉપાય પણ આ રીતે કરવામાં આવ્યો, જેનું નિવધિ પ્રાગટ્ય મનુષ્યને પશુ અને અસભ્ય જંગલી બનાવી શકે છે. એ આવેગોની સાથે જ પરિષ્કાર અને શોધનરૂપી છીણી ચલાવી મનુષ્યની અસંસ્કૃત ચેતનાનો સુંદર આકાર આપવાનો સહજ ક્રમ બનાવવામાં આવ્યો.

બીજી સાધનામાં લાગેલા સાધકોમાં અહંકારનો ભાવ જલદી આવી શકે છે, પરંતુ ગૃહસ્થ એક એવો યોગાભ્યાસ છે, જેમાં બધું જ સામાન્યતઃ ચાલતું રહે છે અને સાધક નિરહંકાર રહીને, પોતાની પત્ની, બાળકો, સગાસંબંધીઓમાં પોતાના આત્માના દર્શન કરતો રહે છે. આટલા માટે જ કદાચ ઋષિઓએ ગૃહસ્થાશ્રમને ચાર આશ્રમો કરતાં મહત્ત્વપૂર્ણ અને તેનું મુખ્ય કેન્દ્ર બનાવેલ છે.

મહર્ષિ વશિષ્ઠ કહે છે-

**ગૃહસ્થ એવ જયતે ગૃહસ્થ સ્તપ્યતે તપઃ ।**
**ચતુર્ણામાશ્રમણાંતુ ગૃહસ્થસ્તું વિશિષ્યતે ।।**

અર્થ :- ગૃહસ્થ જ હકિકતમાં યજ્ઞ કરે છે, ગૃહસ્થ જ હકિકતમાં તપસ્વી છે- એટલા માટે ગૃહસ્થાશ્રમ જ ચારેય આશ્રમમાં શિરોમણી છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આધુનિક વિચારના ઘણા માણસો લગ્નને વાસના તૃપ્તિનું સાધન માને છે. આ ભોગપ્રધાન માન્યતાની ભેટ છે. અન્યથા પ્રાચીન ભારતીય ઋષિમુનિઓએ ભોગ નહિ યોગપ્રધાન દૃષ્ટિથી તેને જોયું છે અને સમજ્યા છે કે આ વિષયભોગનું સાધન નથી, પરંતુ બે આત્માના એકબીજા સાથેના સહવાસથી એકબીજાના વિકાસની આધ્યાત્મિક વ્યવસ્થા છે. જેના ઉંડાણમાં વિશુદ્ધ આત્માવાદી દૃષ્ટિકોણ અપનાવી એકબીજામાં પોતાના આત્માના દર્શન કરી શુદ્ધ આત્મસુખ માટે સાધના કરવામાં આવે છે. ઋષિઓએ આપણને પ્રેમ અને પુણ્યનો પવિત્ર પ્રસાદ તથા વાત્સલ્ય અને ત્યાગની લીલાભૂમિ બતાવી છે એને આત્મિક ઉત્કર્ષ પ્રાપ્ત કરવા માટેની શાન્તિ કુટીર કહેવામાં આવે છે. સૌ કોઈ જાણે છે કે વિવાહ બાદ મનુષ્ય સમાજનું એક સક્રિય અંગ બને છે તેનાથી નવા સંબંધો વધે છે, નવા જવાબદારીઓ મળે છે અને નવા કર્તવ્યો બજાવવાના આનંદનો રસપાન કરવાનો સુઅવસર પ્રાપ્ત થાય છે.

સાંસ્કૃતિક અને ધાર્મિક આદર્શોની વિવેચનાત્મક વ્યાખ્યા કરનાર લેખકે ગૃહસ્થાશ્રમની મહત્તા આ પ્રમાણે શબ્દોમાં વ્યક્ત કરી છે- ગૃહસ્થયોગના પુણ્યસ્વરૂપ અને તેની પુણ્ય સાધનાના રહસ્યને જાણવા માટે આપણે એ હિમાલયની તુષાર મંડિત શિલા પર જઈએ, જ્યાં હિમાલયની પુત્રી પાર્વતી ઉગ્ર તપસ્યામાં મગ્ન છે. એ ભારતીય ગૃહસ્થાશ્રમનાં મંગલમય સ્વરૂપનું પ્રથમ દર્શન છે. ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરતાં પહેલાં રમણીને તપોમય સાધનામાં પ્રવૃત્ત થવું પડે છે, કારણ કે જે મંગલમય ઉદેશની પૂર્ણતા માટે તે પોતાના પવિત્ર જીવનનો ઉત્સર્ગ કરે છે તેને માટે તપસ્યા અને ત્યાગની તાતી જરૂરિયાત રહે છે. કુમારની ઉત્પતિ, તપસ્યાની સિદ્ધિનું મધુર ફળ છે, કેમ કે વિશ્વના પરિપ્રાણ માટે, દેશના મંગલ માટે, સમાજના ઉદય માટે અને મનુષ્યની મર્યાદાઓને અખંડિત



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

રાખવા માટે જ કુમાર જેવા તેજસ્વી અને મહાન વ્યક્તિત્વના અવતરણની જરૂર છે અને આવી જરૂરિયાત તપ તથા ત્યાગ વિના પૂરી થઈ શકતી નથી.

સંતાનોત્પતિ તો વિવાહનો એક નાનો ઉદ્દેશ છે. ખરેખર તો આ યોગદીક્ષાનું લક્ષ્ય તો પોતાના વ્યકિતત્વની અપૂર્ણતાને જીવનસાથીના વ્યકિતત્વ વડે પૂર્ણ કરવાનું છે. સંસારમાં રહેતો દરેક માનવી અપૂર્ણ છે. કોઈ વ્યકિતમાં કોઈ ગુણ વધારે હોય, તો કોઈમાં તે ગુણનો અભાવ હોય છે. ખરેખર તો સ્ત્રી અને પુરુષના વ્યકિતત્વની વિશેષતાઓ જુદીજુદી છે અને તેમનામાં વિશિષ્ટ ગુણોનો અભાવ પણ જુદોજુદો હોય છે. જીવનસાથી મેળવીને એ ગુણોની પૂર્તિ કરવાનો પ્રયત્ન એકબીજાના વ્યકિતત્વને મેળવીને સરળતાપૂર્વક કરી શકાય છે. બંનેના સ્વભાવનું જો વિશ્લેષણ કરવામાં આવે તો માલૂમ પડશે કે સ્ત્રીમાં લજ્જાશીલતા, ભીરુતા, સામાન્યજ્ઞાન, પવિત્રતા, મૃદુતા, ઋજુતા અને ભાવુકતાના ગુણ વધારે જોવા મળશે. માનસિક સંવેદનો તે તીવ્રતાપૂર્વક અનુભવે છે,

એજ રીતે પુરુષમાં શકિત, શૌર્ય, દઢતા, ક્રોધ તથા કાર્યદક્ષતાના ગુણો પહેલી નજરે તરી આવે છે. ક્રિયાશીલતા અને પ્રભુતાદર્શન તેના ગુણ છે. સ્વાભાવિક રીતે જ મજબૂત, નિર્ણાયક, સ્વાભિમાની, પ્રચંડ, ઉગ્ર તથા કઠોર પુરુષ પોતાના સ્વભાવથી વિપરીત ગુણોને એકબીજા સાથે મેળવીને સંપૂર્ણ વ્યકિતત્વનું સર્જન કરે છે.

આ એક સર્વમાન્ય અને સ્વયંસિદ્ધ સિદ્ધાંત છે કે બે અલગ અને વિપરીત ગુણોવાળી વસ્તુઓ એકબીજામાં જલદી ઓતપ્રોત થઈ જાય છે અને એક સંપૂર્ણ એકમનું સર્જન કરે છે, શકિત ઉત્પન્ન કરે છે. વિદ્યુતના ધન અને ઋણ પ્રવાહો ભેગા મળીને વીજળી ઉત્પન્ન કરે છે. પૃથ્વીની આકર્ષણ શકિત અને વસ્તુનો આકાર બંને મળીને ચરાચર જગતને સ્થિર રાખે છે. આગ અને



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પાણી મળીને વાદળો ઉત્પન્ન થાય છે. સૃષ્ટિ નિયંતાની રચના જ એવી છે કે જેમાં બે વિપરીત ગુણો તથા વિભિન્ન વિશેષતાઓમાં ભાઈચારો અને ભાગીદારીના સંબંધો તરત જ સ્થાપિત થઈ જાય છે. સ્ત્રી સ્વભાવગત વ્યક્તિત્વની અને શરીરની જુદીજુદી વિશેષતાઓ એકબીજામાં મળીને સંપૂર્ણ મનુષ્યનું સર્જન કરે છે. જો વ્યકિતત્વના સમગ્ર વિકાસની ઉપેક્ષા કરીને, દામ્પત્ય જીવનને ક્ષુદ્ર પ્રાકૃતિક આવેગો સુધી સીમિત રાખવામાં આવે તો ગૃહસ્થાશ્રમનો આખો મહિમા તથા ગરિમા નષ્ટ થઈ જાય છે.

લૌકિક ભાષામાં જો ગૃહસ્થધર્મનું મૂલ્યાંકન કરવામાં આવે તો એવું જાણવા મળશે કે ગૃહસ્થી સ્ત્રી અને પુરુષનું સંમિલિત સાધના ક્ષેત્ર છે. કહેવામાં પણ આવ્યું છે કે ગૃહસ્થીની સરખામણી ભાગીદારીવાળી દુકાન સાથે કરી શકાય. એના બે ભાગીદાર છે-સ્ત્રી અને પુરુષ. ભાગીદારો એકબીજાના સ્વભાવ, પ્રકૃતિ, ગુણદોષ આવશ્યકતા અને વિશેષતાઓને સમજી શકે તો જ સફળતા પ્રાપ્ત કરી શકે છે. એકબીજાના સંપર્ક અને પોતાના ભાગીદારના સ્વભાવથી અજાણ હોવાના કારણે ભાગીદારીની દુકાન ચલાવવી મુશ્કેલ બની જાય છે એ જ રીતે પતિ-પત્ની એકબીજાને સમજીને પોતાના વ્યવહારની નીતિ રીતિ નક્કી ન કરે તો ગૃહસ્થાશ્રમમાં કજિયા-કંકાસ, ઝઘડા અને અનેક ક્ષતિઓ ઉત્પન્ન થાય છે.

કૌટુંબિક સમજદારી અને અંદરોઅંદર તાલમેળ બેસાડી દેવાથી જ ગૃહસ્થધર્મનું પાલન થઈ જતું નથી, પરંતુ આ આશ્રમના મહિમા અને ગૌરવને અખંડિત રાખવા માટે એ પણ જરૂરી છે કે એકબીજા માટે પોતાની જરૂરિયાતો અને આકાંક્ષાઓને તિલાંજલિ આપવા તત્પર રહે. સફળ દામ્પત્યજીવન જીવનારા મહાપુરુષોના કૌટુંબિક જીવનનો જો અભ્યાસ કરવામાં આવે તો જાણવા મળશે કે તેમણે પોતાના જીવનસાથીને સુખ અને શાન્તિ આપવા માટે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પોતાના સ્વાર્થ અને ઈચ્છાઓનું બલિદાન આપવાની નીતિ અપનાવી હતી. સ્વાર્થનો ત્યાગ અને જીવનસાથીના હિતચિંતનમાં જોડાયેલ રહેવાથી જ બીજાઓ માટે પણ ત્યાગ કરવાની ભાવનાઓનો વિકાસ થાય છે. કહેવાની જરૂર નથી કે આ દિશામાં જે જેટલી પ્રગતિ કરી લે છે તે તેટલા અંશે મહાન બની જાય છે. પોતાના સંકુચિત અને ક્ષુદ્ર સ્વાર્થોને મહાન બનાવવા, તેમનું ક્ષેત્ર વ્યાપક અને વિસ્તૃત બનાવવું એ જ મહાનતા છે.

ગૃહસ્થ ક્ષેત્રમાં વિકાસની પ્રક્રિયા અવરોધાઈ જાય છે, એ એટલા માટે નહિ કે તે ઉદારતા તથા સ્વાર્થત્યાગની ભાવનાઓને નષ્ટ કરે છે અને મોહમાયામાં બાંધી લે છે, પરંતુ મહાનતા તરફના વિકાસની ગતિ એટલા માટે અવરોધાય છે કે લોકો દામ્પત્યજીવનના સાચા અર્થને સમજતા નથી અને પત્ની બાળકોની સેવા માટે સુખ સાધનોની વ્યવસ્થાને જ તેઓ સદ્‌ગૃહસ્થ હોવાનું લક્ષણ માની લે છે. આ નીતિરીતિ અપનાવનાર વ્યક્તિઓની કુટુંબના સંબંધમાં સ્પષ્ટ માન્યતા હોય છે કે પતિ-પત્ની, બાળકો અને માતા-પિતા એક સ્થળે રહે, એક સાથે રહીને ખાય-પીવે અને સુખ દુઃખમાં એકબીજાને મદદ કરે. કુટુંબનું ભરણપોષણ કરી લેવામાં જ એમની દૃષ્ટિએ કૌટુંબિક કર્તવ્યનું પાલન થયું એમ માને છે. આ માન્યતા પૂર્ણરૂપે ભ્રાંતિથી ભરપૂર છે. થોડા લોકોના એક સાથે રહેવાથી, ખાવાપીવાથી અને અંદરોઅંદર હળવા-મળવાથી જ કુટુંબ બની જતું નથી. એકબીજા સાથે રહેવાથી જો કુટુંબ કહેવાતું હોય તો હોટલો અને ધર્મશાળામાં કેટલાય લોકો એક સાથે રહે છે. ત્યાં બધા એકી સાથે એક જ હોલમાં જમે છે એટલે ઈંટ-ચૂનાથી બનાવેલ મકાનમાં થોડી સંખ્યામાં રહેતા લોકોના કુટુંબ કરતાં હોટલ કે ધર્મશાળામાં રહેતા વધુ લોકોના સમુહને વધુ સારું કુટુંબ કહેવું જોઈએ.

કુટુંબ સંબંધી આપણી એ માન્યતા હોવી જોઈએ કે ઘરની ઈંટો એ કુટુંબ નથી. કોઈ એક કુટુંબના અડધા લોકો ભલે અલગ અલગ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

દેશોમાં રહેતા હોય, પણ જો તેના બધા સભ્યોમાં પરસ્પર પ્રેમ, સહાનુભૂતિ અને સંવેદનાનો સંબંધ હોય તો તેને આપણે આદર્શ કુટુંબ કહી શકીએ. પરસ્પરનો પ્રેમ અને સદ્‌ભાવ જ કૌટુંબિક જીવનનો પ્રાણ છે.

અગર જો પરિવારમાં બધાજ સભ્યો પરસ્પર સદ્‌ભાવસંપન્ન હોય, આપસમાં એકબીજા પ્રત્યે સાચી સહાનુભૂતિ રાખતા હોય, સૌજન્ય, બલિદાન અને સેવાની વૃત્તિ હોય તો જ તે પરિવાર આદર્શ બની શકે છે. પરિવાર સામ્રાજ્યમાં આ આદર્શોની સ્થાપના પતિ અને પત્નીના સહિયારા પ્રયત્નો દ્વારા જ થઈ શકે છે. કારણકે તેઓ પરિવારના શાસક અને શાસિકા છે. આ આદર્શોની સ્થાપના સ્વયં પોતાના જીવનમાં કરવામાં આવે તો કોણ કહી શકે કે ઘર ગૃહસ્થી માયાજાળ છે. ઊલટું તે તો મોક્ષનું, આત્મવિકાસનું અને આત્મકલ્યાણનું સહજ સાધ્ય સાધન છે. આશ્રમવ્યવસ્થાનું નિર્માણ આત્મવિકાસની દષ્ટિથી જ કરવામાં આવ્યું અને તેમાં ગૃહસ્થાશ્રમનું વિશિષ્ટ સ્થાન સદાથી રહેતું આવ્યું છે.

## આશ્રમવ્યવસ્થા ઉપર એક દષ્ટિ

વિચારપૂર્વક જોવામાં આવે અને મનુષ્યની સ્વાભાવિક પ્રવૃત્તિઓનો અભ્યાસ કરવામાં આવે તો મનુષ્યની અવસ્થા ચાર વિભાગમાં વિભાજિત થયેલી છે. (૧) જિજ્ઞાસા તથા વિકાસની વ્યવસ્થા (૨) ઉદ્યમ તથા ઉપભોગની વ્યવસ્થા (૩) જ્ઞાન તથા અનુભવનો સમન્વય કાળ (૪) આત્મકલ્યાણની ધારણા. આ ચાર અવસ્થામાં જીવન પૂર્ણ થાય છે. આ અવસ્થાઓમાં જો નિયંત્રણ મૂકવામાં ન આવે તો મનુષ્યની સ્વાભાવિક પ્રકૃતિ અધોગામી બની શકે છે. આ વિચારથી જ અહીં કર્તવ્યોની સીમામાં બાંધવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ વિભાગો વાસ્તવમાં માનવની શક્તિ અને સ્વભાવને લક્ષ્યમાં લઈને જ પાડવામાં આવ્યા છે. જીવનપદ્ધતિમાં ક્યાંય કોઈ વિકાર નથી. મનુષ્ય આ ચારેય



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અવસ્થાઓનો રસાસ્વાદ કરતાં કરતાં કલ્યાણની સ્થિતિ પ્રાપ્ત કરી શકે છે. અગર આ રીતે ભારતીય જીવનને સંસ્કારી બનાવવામાં ન આવ્યું હોત, તો અહીં પણ અન્ય દેશોની જેમ ભોગવાદ મુખ્ય બની ગયો હોત. જે શુદ્ધતા, પવિત્રતા, નૈતિકતા, ઉત્કૃષ્ટતા, આદર્શવાદિતા, શક્તિ અને વિશેષતા અહીંના જીવનમાં જોવા મળે છે તે ન હોત. અહીંના લોકો તે સુખસમૃદ્ધિ અને આનંદ પ્રાપ્ત કરી શક્યા ન હોત કે જેના માટે જીવનમુક્ત આત્માઓ વારંવાર અહીંયાં આવે છે. આ જીવનપદ્ધતિમાં કોઈ ખામી નથી કે કોઈ ફરિયાદ પણ નથી. સંપૂર્ણ જીવનવ્યવસ્થાનું નામ છે આશ્રમવ્યવસ્થા. આ જીવનપદ્ધતિની ઉત્કૃષ્ટ કલાનો વિકાસ છે.

હિંદુધર્મમાં મનુષ્યજીવનને લક્ષ્યસિદ્ધિનો પરમ પુરુષાર્થ માનવામાં આવ્યો છે. આ ક્રમમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આવે છે. આ ચારે અવસ્થાઓનો અનુક્રમે લાભ પ્રાપ્ત કરતાં કરતાં મનુષ્ય શાશ્વત, બંધનમુક્તિ, સિદ્ધિ, સ્વર્ગ યા મોક્ષ પ્રાપ્ત કરી લે તે દૃષ્ટિથી જીવનને પણ ચાર વિભાગોમાં વિભાજિત કરવામાં આવ્યું છે, જે અવસ્થા અને વિકાસ સાથે સુસંગત અને ક્રમશઃ છે. ધર્મ, અર્થ, કર્મ અને મોક્ષ-આ ચાર હેતુઓનો વિસ્તાર તે (૧) બ્રહ્મચર્ય (૨) ગૃહસ્થ (૩) વાનપ્રસ્થ (૪) સંન્યાસ છે. આગળ ઉપર આ અવસ્થા અને સ્થિતિ પર વધુ પ્રકાશ પાડવામાં આવશે, જેનાથી એમ માલૂમ પડશે કે ભારતીય જીવનપદ્ધતિનો વિકાસ કેટલી બુદ્ધિમત્તાથી કરવામાં આવ્યો છે અને આજની સ્થિતિમાં તેની કેટલી જરૂર છે.

**બ્રહ્મચર્ય :** શરૂઆતના સમયમાં બાળકની જિજ્ઞાસાઓ અનંત હોય છે. તે સંસાર અને સંસારના અનેક પદાર્થોનાં રહસ્યો જાણવા માટે ઉત્સુક હોય છે. બાળક પ્રકૃતિના ગાઢ સંસર્ગમાં હોવાથી તેને સાચાખોટાનું ભાન પણ હોતું નથી. ઈન્દ્રિયો પણ વિકાસ તરફ આગળ વધતી હોય છે, જેથી શક્તિસંચય અને સંયમની પણ આ જ અવસ્થા હોય છે. જિજ્ઞાસાઓની તૃપ્તિ માટે સાધન, અવસ્થા,



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સ્વાભાવિક પ્રવૃત્તિઓને સુનિયોજિત અને નિયંત્રિત કરવા માટે શક્તિસંચય માટે બ્રહ્મચર્યની આવશ્યકતા રહે છે. બ્રહ્મચર્યનો અર્થ ફક્ત ઈન્દ્રિયસંયમ નહિ, પરંતુ બ્રહ્મપ્રાપ્તિ માટે સંપૂર્ણ આચરણોનું નામ બ્રહ્મચર્ય છે. આ સાધનાવસ્થા છે. તેથી સતત દેખભાળ તેમજ પૂર્ણ નિયંત્રણની જરૂર પડે છે.

પ્રારંભિક અવસ્થામાં બાળકના વિચારો, સંસ્કાર અને સંકલ્પો ઘણા નાજુક હોય છે જેથી તેના પહેલાંના જીવનના સંસ્કારો ભૂલાવી દેવાની શક્યતા રહે છે, પરંતુ એ સંસ્કાર જો તેના સ્વભાવના ઊંડાણમાં પ્રવેશી જાય તો તેમને દૂર કરવા અશક્ય છે. બાળકોમાં શ્રદ્ધાની માત્રા એટલી બધી હોય છે કે એ સંસ્કારોના વિકાસ માટે ગુરુજનોના કઠોર નિયંત્રણોમાં રહી શકે છે અને આત્મસિદ્ધિની કઠોર સાધનાઓ પૂરી નિષ્ઠાથી કરે છે.

બ્રહ્મચર્યનો બીજો ઉદ્દેશ સંસારી સુખોના ઉપભોગ માટે શક્તિનો સંચય કરવો તે છે. બ્રહ્મજ્ઞાન થવાથી જે વિશુદ્ધ કર્તવ્યપાલન બાકી રહે છે તેને સુવિધાજનક સ્થિતિમાં ચાલુ રાખવાની દૃષ્ટિએ શારીરિક શક્તિની આવશ્યકતા છે. જીવની છેલ્લી જીવનયાત્રા શરીર દ્વારા જ પૂરી થાય છે. એટલા માટે તે સુદઢ અને મજબૂત હોવું ખૂબ જરૂરી છે. ગુરુકુળોમાં ઈંદ્રિયોના અસંયમના કોઈ કારણો ન હતાં. એ વાતાવરણને યજ્ઞાદિથી વધારે બળદાયક બનાવવામાં આવતું હતું. એના ફલસ્વરૂપે ચોક્કસ સમય સુધી ત્યાં રહેવાથી બ્રહ્મચારીનું મન, બુદ્ધિ, શરીર બધાં જ પૂર્ણરૂપે પુષ્ટ અને પરિપક્વ બની જતાં હતાં. જ્ઞાનની દૃષ્ટિએ તથા શારીરિક દઢતાની દૃષ્ટિએ તેઓ પૂર્ણ બનીને આશ્રમોમાંથી બહાર નીકળતા અને એક જવાબદાર ગૃહસ્થજીવન જીવવા માટે બધી તૈયારીઓ પૂર્ણ કરી લેતા હતા.

**ગૃહસ્થાશ્રમ** : બીજો આશ્રમ ગૃહસ્થાશ્રમ છે. તે ઉદ્યોગ, કમાણી કરવાનું અને સુખોપભોગનું જીવન હોય છે. સાંસારિક સુખોની પણ એક ચોક્કસ સીમા હોય છે. તેનો ઉપભોગ કરવો



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અધર્મ નથી. સંતાનોત્પતિની દૃષ્ટિએ પતિ-પત્નીનો સંયોગ દોષપૂર્ણ નથી. તેનાથી વંશવેલો વધતો રહે છે, સમાજ, રાજ્ય અને રાષ્ટ્રનું નિર્માણ થાય છે. ધર્મ લૌકિક જીવનમાં મનુષ્યનો સાથી છે. રાજ્યને બળવાન અને સુશિક્ષિત, સુદૃઢ અને ચારિત્ર્યવાન નાગરિકો પૂરા પાડવાની આધ્યાત્મિક પ્રવૃત્તિઓ ગૃહસ્થજીવન જ પૂરી કરી શકે છે. બ્રહ્મચર્ય અવસ્થામાં વ્રત ધારણ કરનારને જે શિક્ષણ આપવામાં આવ્યું હોય છે તેનો પ્રત્યક્ષ અનુભવ ગૃહસ્થાશ્રમમાં જ થાય છે. પ્રેમ, દયા, કરુણા, મૈત્રી, સહાનુભૂતિ, સંગઠન, પરોપકાર, કર્તવ્યપાલન, ત્યાગ, ઉદારતા, ક્ષમા, સહિષ્ણુતા, કર્તવ્યપરાયણતા વગેરે વ્યાવહારિક રસાનુભૂતિ ગૃહસ્થજીવન દરમિયાન જ થાય છે. સ્ત્રી અને પુરુષ એકબીજાને નિર્માણ કાર્યમાં મદદ કરે છે. ગૃહસ્થાશ્રમ એ બાબતનું પ્રતીક છે કે મનુષ્યની આધ્યાત્મિક ચેતના જાગૃત છે અને કર્તવ્યપાલન માટે તેનામાં ભારોભાર સાહસ છે. પોતાની ભાવનાઓનો વિકાસ પણ ગૃહસ્થમાં જ થાય છે. દુઃખ અને મુશ્કેલીઓમાં મનુષ્યનો આત્મા વિકસિત થાય છે.

બોધાયન ધર્મસૂત્રમાં ગૃહસ્થાશ્રમને અનેક પ્રયોજનોને પૂરાં કરનારો સર્વોચ્ચ આશ્રમ માનવામાં આવ્યો છે. આમાં સુખોપભોગની સાથે સાથે ધર્મનો સમન્વય હોવાથી મહર્ષિ ગૌતમે આ આશ્રમને બધા આશ્રમોનું મૂળ કહ્યો છે. કેટલાક લોકોનું એમ કહેવું છે કે ગૃહસ્થજીવન એક જંજાળ છે. એમાં રહી ઈશ્વરની ઉપાસનાનો લાભ મેળવી શકાતો નથી. એવા લોકોએ જાણવું જોઈએ કે મહર્ષિ કણ્વ, જમદગ્નિ, વિશ્વામિત્ર, વશિષ્ઠ, ભારદ્વાજ, ગૌતમ, શંખ, દક્ષ વગેરે ઋષિઓએ ગૃહસ્થાશ્રમમાં રહીને પણ ઉજ્જવલ તત્ત્વોની શોધ કરી હતી. વાસ્તવમાં મનુષ્યના વિકાસમાં કુટુંબ પ્રથમ અને ખૂબ જ મહત્ત્વનો એકમ છે. કેટલાંય દુઃખો અને મુશ્કેલીઓ પણ ગૃહસ્થજીવનમાં હસતાં હસતાં પસાર થઈ જાય છે. બીજા ત્રાણે આશ્રમોના સંચાલનની વ્યવસ્થાનો અનુભવ પણ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આમાંથી જ મળે છે.

તરતાં શીખવાની ક્રિયા પાણીમાં જ થઈ શકે છે, જમીન પર સુઈને હાથપગ હલાવવાથી કોઈને તરતાં આવડતું નથી. પૃથ્વી ઉપર પરોપકાર અને ધર્મપાલનની જરૂરિયાત કુટુંબથી અલગ રહીને પૂરી કરી શકાતી નથી. ધનનું હોવું પણ એટલું જ અગત્યનું છે, જો તેનો કોઈ ઉપયોગ કરવામાં ન આવે તો આજે જે સાંસારિક પ્રવૃત્તિઓ ચાલી રહી છે તે બધી જ અટકી જાય અને આ સંસાર, બિલકુલ શુષ્ક, નીરસ અને જનહીન બની જાય ત્યારે આ સંસાર પણ જડવત્ લાગશે.

**વાનપ્રસ્થ :** ગૃહસ્થમાં રહેતાં રહેતાં એક અવસ્થા એવી આવે છે કે તેના માટેની આપણી જરૂરિયાતો ઘટવા લાગે છે. ગૃહસ્થના સંચાલનનો વારસો પુત્ર લઈ લે છે. અર્થ અને કામનાં પ્રયોજનો પૂરાં કરી લેવાથી ઈન્દ્રિયો પણ તૃપ્ત થઈ ગઈ હોય છે. શાસ્ત્રોમાં આ અવસ્થા લગભગ ૫૦ વર્ષની બતાવવામાં આવી છે. બધા લોકોએ પોતાનો ભાર ઉતારીને કુટુંબના સૌથી મોટા સભ્યને સોંપી દેવો જોઈએ અને લોકહિતનાં કાર્યોમાં વધુ રસ દાખવવો જોઈએ. મોટી ઉંમરના પુરુષો અને યુવાનોના વિચારો એકસરખા હોતા નથી. તેથી કુટુંબજીવનને નકામા કજિયા કંકાસમાંથી બચાવવા માટે પણ એ જરૂરી છે કે મોટી ઉંમરના લોકો પોતાનું જીવન સમાજ માટે સમર્પિત કરી દે. ભરણપોષણ માટે અથવા પુત્ર પૂર્ણરૂપથી તૈયાર ન થયો હોય અને તેને માર્ગદર્શનની જરૂર પડતી રહે ત્યાં સુધી કોઈ વ્યક્તિ કુટુંબ સાથે જોડાયેલ રહી શકે,પરંતુ તેમાં પોતે ફક્ત વ્યવસ્થાપક છે તેમ સમજીને ચાલવું જોઈએ અને જીવનનો મોટો ભાગ આત્મચિંતનમાં અને લોકોપયોગી સાધનોમાં ગાળવો જોઈએ. બિનજરૂરી આસક્તિ અને મોહને લીધે મોટે ભાગે લોકો કુટુંબ છોડવા ઈચ્છતા નથી, તેને જ વળગી રહેવા ઈચ્છતા હોય છે. તેમને એવો ભ્રમ રહે છે કે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કુટુંબમાં પોતે નહિ હોય તો કદાચ બાળકોનું જીવતા રહેવાનું મુશ્કેલ બની જશે. આ મોહબુદ્ધિ કુટુંબમાં ઘણી મુશ્કેલીઓનું કારણ બને છે. ગૃહસ્થાશ્રમ સંચાલન સુપેરે ચાલતું રહેવા દેવા માટે પોતે કુટુંબથી દૂર થઈ જવું કંઈ ખોટું નથી, પરંતુ તે એક નૈતિક ધર્મકર્તવ્ય છે. નવાની સ્થાપના માટે જૂનાએ ખસી જ જવું જોઈએ.

**સંન્યાસ :** સંસારમાં રહીને ધર્મ, અર્થ અને કામના ત્રિવિધ પ્રયોજનો પૂરાં થઈ ગયાં પછી આત્મકલ્યાણની અવસ્થા આવે છે. મનુષ્યના શરીરમાં જીવાત્માનું અવતરણ બંધનમાંથી મુક્તિ અથવા મોક્ષ પ્રાપ્ત કરવાના હેતુથી થાય છે. સમાજ અને સંસારમાં રહેવાથી માનસિક ગુંચવણો, ઉત્તેજનાઓ વગેરે રહે તે સ્વાભાવિક છે.

અધર્મની ખબર પડવા છતાં કેટલીકવાર બીજાઓના હિત ખાતર તે કરવો પડે છે અને તેનાથી અકારણ આત્મા દુઃખી થાય છે. આથી ચોથી અવસ્થામાં મનુષ્યે સંસારના બાકી સંબંધોનો પણ ત્યાગ કરીને પોતાને પૂર્ણરૂપે પરમાત્મા ઉપર છોડી દેવો જોઈએ. આ સમયે મનુષ્યનું જ્ઞાન પક્વ થઈ જાય છે અને ઈન્દ્રિયો અશક્ત બની જાય છે. તેથી વિષયોમાંથી પણ છુટકારો મળે છે. અકારણ પેદા થતી દુર્ભાવનાઓ પણ સામાજિક સંપર્ક દૂર થઈ જવાથી છૂટી જાય છે. નથી કોઈ મોહ રહેતો કે નથી આસક્તિ રહેતી. કોઈ પણ જાતનું કર્તવ્ય પણ બાકી રહેતું નથી. પરમાત્માના ચિંતનમાં વિચરણ કરતાં કરતાં મનુષ્ય અંતમાં સંન્યાસની અવસ્થામાં પ્રાણ ત્યાગીને આનંદની અંતિમ ક્ષણોમાં વિલીન થઈ જાય છે.

આ આશ્રમોની પરંપરા જ્યાં સુધી આપણા દેશમાં જીવિત રહી ત્યાં સુધી યશ, શ્રી અને સૌભાગ્યમાં આ દેશ સર્વશિરોમણી બની રહ્યો હતો. શ્રેય અને પ્રેયનો આટલો સુંદર સમન્વય કોઈ જાતિ કે ધર્મમાં મળવો અશક્ય છે. આપણી કલ્પના છે કે મનુષ્ય આનંદમાં જન્મે છે, આનંદથી જીવે છે અને અંતમાં આનંદમાં જ વિલીન



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

થાય છે. મનુષ્યનું લક્ષ્ય પણ આ જ છે. આ આવશ્યકતાની પૂર્તિ આશ્રમવ્યવસ્થામાં જ થઈ શકે છે. સમાજની સુદઢ રચના અને મનુષ્યજીવનના ધ્યેયની પ્રાપ્તિ અર્થે આશ્રમવ્યવસ્થાનું પુનર્જાગરણ ખૂબ જરૂરી છે અને એ વ્યવસ્થામાં ગૃહસ્થાશ્રમના મહત્ત્વને ફરીથી સારી રીતે સમજવાની જરૂર છે. જો આ સમજાવી શકાય તો ઘરમાં જ સ્વર્ગનું અવતરણ સંભવિત બને છે.

### ઋષિઓની ગૃહસ્થ સાધના : ગૃહસ્થયોગ

પ્રાચીન સમયમાં પણ ગૃહસ્થ સંન્યાસી ગૃહી-વૈરાગી થતા હતા અને આજે પણ એ પ્રક્રિયા અધ્યાત્મ માર્ગ પર ઝડપથી આગળ વધવા ઈચ્છતા સાધકો માટે ઉપલબ્ધ છે.

ભિક્ષામાં તે જ અન્ન લઈ શકાય કે જે ઉચ્ચ સંસ્કારવાન લોકોનું હોય અને પૂર્ણ નીતિથી કમાયેલું હોય. આજે આવું અન્ન મળવું લગભગ અસંભવ છે. અનીતિથી મેળવેલ અન્ન ખાઈને સાધના કરવાથી સાધકની બુદ્ધિ પણ તેવી જ અનૈતિક અને કુસંસ્કારી બને છે. તેને એકાગ્રતા પ્રાપ્ત થતી નથી તથા શાન્તિ પણ મળતી નથી. તે ભજન-ભક્તિ ભલે કરતો રહે, પરંતુ તેમાં મન લાગતું નથી અને સફળતા પણ મળતી નથી. આજની આવી સ્થિતિમાં ભિક્ષામાં મેળવેલું અન્ન, મફતમાં જીવનનિર્વાહ કરવો તે તદ્દન અયોગ્ય છે. જંગલોમાં કંદમૂળ તથા ફળોની પ્રાચીન સુવિધા રહી નથી. આજે એવો વનવિસ્તાર ક્યાં છે, જ્યાં થોડીઘણી ખેતી, બગીચો કે ગોપાલન કરીને નિર્વાહની વ્યવસ્થા કરી શકાય?

આવી પરિસ્થિતિમાં ઉચિત એ છે કે પોતાના હાથપગ ચલાવી, કમાણી કરી ગુજરાન કરતાં કરતાં સાધનાત્મક જીવન જીવવામાં આવે.

જેનું અન્ન ખાવામાં આવે છે તેના બદલામાં પોતાનું તપ અને મેળવેલું પુણ્ય આપવાં પડે છે. અહીંયાં ક્યાંય કશું મફતમાં મળે તેવો નિયમ નથી. ભૌતિક જીવનના ક્રમને અવરોધીને ભજન-



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સાધના કરીને જે કમાણી કરી તે અન્ન-વસ્ત્ર આપનાર દાની માટે જતું રહ્યું. એમાં પોતાના માટે શું બચ્યું? એમાં કઈ બુદ્ધિમત્તા છે? ભલે ભજન યા સેવા ઓછાં કરવામાં આવે, પરંતુ તે પોતે સ્વાવલંબી બનીને કરવાં જોઈએ, ત્યારે જ તેમાં કંઈક સફળતા મળશે.

પ્રાચીનકાળના ઋષિમુનિઓ આજના સાધુબાવાઓથી બધી રીતે ભિન્ન હતા. તેઓ મોટેભાગે ગૃહસ્થ સંન્યાસી-ગૃહી વૈરાગી હતા. પ્રકૃતિના સાંનિધ્યમાં શુદ્ધ હવા, પાણી મેળવી તેઓ વિરલ પ્રદેશોમાં વસતા હતા. ગોપાલન, શાકભાજી, ફળો વગેરે દ્વારા જીવન નિર્વાહ માટે ઉત્પાદનની વ્યવસ્થા કરી લેતા હતા. આશ્રમમાં સ્ત્રી-બાળકો સાથે રહેતા હતા. પોતાના કુટુંબને સંસ્કારી અને લોકોપયોગી બનાવતા હતા. સાથે સાથે ગુરુકુળ, ચિકિત્સા, તપ, ચિંતન, આગંતુકો સાથે વિચારવિમર્શ, જુદા જુદા વિષયોમાં શોધખોળ જેવી પ્રવૃત્તિઓ ત્યાં રહીને ચલાવતા હતા અને જરૂર પડે ભ્રમણ કરીને જનજાગૃતિનું કાર્ય પણ કરતા હતા. આ ઋષિજીવન હતું. સંન્યાસ તો જીવનના અંતિમ અને અશક્ત ભાગમાં લેવામાં આવતો હતો. આ પહેલાં તો વાનપ્રસ્થની, ઋષિમુનિઓની ભૂમિકા જ એ આત્મપરાયણ લોકો નિભાવતા હતા.

આજની યુવાવસ્થામાં લેવાતી સંન્યાસ પરંપરા અશાસ્ત્રીય છે. એનો જન્મ બુદ્ધના વખતમાં થયો. સમય સમય પર એ અયોગ્ય પરંપરાનું ખંડન પણ થતું રહ્યું છે. હલકી વૃત્તિ (વિચારસરણી) વાળા લોકો જો ઉચ્ચ સ્તરનો વેશ ધારણ કરી લે તો પણ એ પરંપરાનો અર્થ સરતો નથી. કોઈ બાળક વૃદ્ધો જેવાં સફેદ દાઢીમૂંછ લગાડી દે, અભણ વ્યક્તિ વિદ્વાનનો વેશ ધારણ કરી લે, કોઈ ગરીબ અમીર જેવો ઠાઠમાઠ કરે તો તે હાસ્યાસ્પદ બને છે. યોગ્યતાના અભાવમાં ઉચ્ચપદની જવાબદારીઓનો નિર્વાહ નહિ થઈ શકે. ફલસ્વરૂપ અનિચ્છિત પરિણામો જ સામે આવશે. આજના



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સાધુબાવાઓની ભીડથી સમાજમાં ગરબડ જ ઊભી થઈ રહી છે. આ પદના અધિકારી અને જવાબદારીનો સાચી રીતે નિર્વાહ કરનારા કોઈક વિરલા ક્યાંક ક્યાંક જ જોવા મળે છે.

અધ્યાત્મ સાધનાઓના પંથે ચાલવા માટે સાહસ કરનારી વ્યક્તિઓને આજની સ્થિતિમાં સંન્યાસી બનવાની, કપડાં રંગવાની કે ઘર છોડવાની જરૂર નથી. જો યુવાવસ્થા હોય તો ગૃહસ્થની જેમ આજીવિકા પ્રાપ્ત કરતાં કરતાં આ માર્ગ પર આગળ વધવાનો કાર્યક્રમ અપનાવવો જોઈએ. જો જીવનની પાછલી અવસ્થા હોય અને બાળકો કમાવા માટે યોગ્ય બની ગયાં હોય, નાનાં ભાઈબહેનોની સંભાળ રાખી શકે તેમ હોય, તો પછી વાનપ્રસ્થની માફક ઘરમાં રહીને સ્વાધ્યાય, સેવા, સંયમ તથા સાધનાનો ક્રમ નક્કી કરી લેવો જોઈએ. ઘરથી થોડે દૂર રહેવાની વ્યવસ્થા પણ કરી શકાય છે. પત્નીને પણ સાથે રાખી શકાય છે, છતાં પણ આજીવિકા માટે સ્વાવલંબી જ બનવું જોઈએ.

સંચિત આજીવિકાની વ્યવસ્થા ન હોય તો સેવાકાર્યના બદલામાં મહેનતાણા રૂપે જરૂરી નિર્વાહ માટે વ્યવસ્થા કરી શકાય, પરંતુ મફતનું ભોજન કોઈ પણ સંજોગોમાં સ્વીકારવું નહિ. કોઈ ઉદારદાની વ્યક્તિનો સંપર્ક થાય અને તે સેવાકાર્યમાં સહાયરૂપ થવા માગે, તો તેમના તરફથી મળતું ધન પોતાના માટે ન વાપરતાં લોકમંગલના કાર્યમાં વાપરવું. પ્રાચીનકાળમાં પુરોહિતોને જે દાનદક્ષિણા મળતાં હતાં તે બધા જ નાણાં પોતાના અંગત કામમાં વાપરતા ન હતા, પરંતુ સાર્વજનિક સત્પ્રયોજનોમાં વાપરવાની નીતિ હતી. અત્યારે પણ આ પરંપરાને અપનાવવી જોઈએ.

બ્રહ્મચર્યની મર્યાદા શક્ય તેટલી વધારે રાખવામાં આવે, પરંતુ મનોબળ મજબૂત ન હોય તો આવી પ્રતિજ્ઞા કરવાની જરૂર નથી. હા, સાધનાના માર્ગ પર ચાલનારે શરૂઆતથી જ ઓછા બાળકો હોય તેનું ધ્યાન રાખવું જોઈએ. પાછલી અવસ્થામાં તો આ વસ્તુનો ખ્યાલ ખાસ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

રાખવો જરૂરી છે. વૃદ્ધાવસ્થામાં બાળકો પેદા કરવાં તે તો પોતાની ઉપર તથા તે સંતાનો ઉપર પણ અત્યાચાર ગુજારવા સમાન છે.

પ્રાચીન સમયમાં ઋષિમુનિઓ ગૃહસ્થજીવન જીવતા હતા. તેમની પત્ની અને બાળકો પણ સાથે જ રહેતાં હતાં તેનાં કેટલાંક પ્રમાણ જોઈએઃ

તારાબૃહસ્પતેભાર્યા વશિષ્ઠસ્યાણ્યરુન્ધતી ।
અહિલ્યા ગૌતમસ્રી સાપ્યનસૂયાત્રિકામિની ॥
દેવહૂતી કર્દમસ્ય પ્રસૂતિર્દક્ષકામિની ।
પિતૃણાં માનસી કન્યા મેનકા સામ્બિકાપ્રસૂઃ ॥
લોપામુદ્રા તથાહુતી કુબેરકામિની તથા ।
વરુણાની વમસ્રી ચબલેવિન્ધ્યાવલીતિ ચ ॥
-બ્રહ્મવૈવર્ત પુરાણ

સુરગુરુ બૃહસ્પતિની પત્નીનું નામ તારાદેવી હતું. વશિષ્ઠની પત્ની અરુંધતી હતી. ગૌતમ ઋષિની પત્નીનું નામ અહલ્યા છે. અત્રિની પત્નીનું નામ અનસૂયા છે. દેવહૂતિ નામવાળી કર્દમની પત્ની છે તથા દક્ષની પત્ની પ્રસૂતિ નામધારિણી છે. પિતૃગણની માનસી કન્યા મેનકા અંબિકા પ્રસૂ છે. લોપામુદ્રા તથા આહુતિ કુબેરની પત્નીઓ છે. યમની પત્ની વરુણાની છે અને રાજા બલીની પત્ની વિન્ધ્યાવલી છે.

તસ્ય પ્રધ્યાયમાનસ્ય કશ્યપસ્ય મહાત્મનઃ ।
બ્રહ્માણોઽંશો સુતો પશ્ચાત પ્રાદુર્ભૂતો મહોજસૌ ॥
વત્સારશ્ચાસિતશ્ચૈવ તાવુભૌ બ્રહ્મવારિનૌ ।
- વાયુ પુરાણ

મહાત્મા કશ્યપને ત્યાં બે પુત્રો જન્મ્યા. એકનું નામ વાત્સર અને બીજો અસિત. તેઓ બંને તેજસ્વી અને બ્રહ્મવાદી હતા.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તસ્ય કન્યા ત્વિડવિડા રુપેણાપ્રતિમાભવત ।
પૂલસ્ત્યાય સ રાજર્ષિસ્તા કન્યા પ્રત્યપાદયત ॥
ઋષિરિડવિડાયાન્તુ વિશ્રવાઃ સમપદ્યત ।

- વાયુ પુરાણ

ત્રીજા ત્રેતાયુગની શરૂઆતમાં રાજા થયો હતો. તેની દીકરી ઈડવિડા ખૂબ જ રૂપવતી હતી. તે રાજશ્રીએ તે સુંદર કન્યા પુલસ્ત્ય સાથે પરાણાવી હતી અને તેમને ત્યાં વિશ્રવાનો જન્મ થયો.

બૃહસ્થતેબૃ હત્કીર્તિર્બેવાચાર્યસ્ય કીર્ત્તિતઃ ।
કન્યાં તસ્યોપયેમે સ નામ્ના વે દેવ વર્ણિનીમ ॥

- વાયુ પુરાણ

દેવોના આચાર્ય બૃહસ્પતિને બૃહત્ કીર્તિ કહેવામાં આવ્યા છે. દૈવવસિની નામની કન્યા સાથે તેમણે લગ્ન કર્યાં હતાં.

શુકશ્યાડસ્યાભવન્ પુત્રાઃ પશ્ચાડત્પન્તતપસ્વિનઃ ।
ભૂરિશ્રવાઃ પ્રભુઃ શમ્ભુ કૃષ્ણો ગૌરશ્ચ પઞ્ચમઃ ॥
કન્યાકીર્તિમતી વેવયોગમાતાવૃતવ્રતા ।

- કુર્મ પુરાણ

આ શુકદેવને ત્યાં પાંચ અતિ તપસ્વી પુત્ર થયા હતા, જેમનાં નામ ભૂરિશ્રવા, પ્રભુ, શંભુ, કૃષ્ણ અને ગોર હતાં. એક કન્યા હતી, જે કીર્તિમતી, યોગમાતા અને વૃતવ્રતા હતી.

અરુન્ધત્યાં વશિષ્ઠસ્તુ શક્તિમુત્પાદયત્સુતમ્ ।
શક્તેઃ પરાશરઃ શ્રીમાન્ સર્વજ્ઞસ્તપતાં વરઃ ॥
આરાધ્ય દેવદેવેશમીશાનંત્રિપુરાન્તકમ્ ।
લેભે ત્વપ્રતિમં પુત્રં કૃષ્ણદ્વૈપાયનં પ્રભુમ્ ।

- કુર્મ પુરાણ

વશિષ્ઠે તેમની પત્ની અરુન્ધતીથી શક્તિ નામનો પુત્ર ઉત્પન્ન કર્યો હતો. શક્તિથી શ્રીમાન સર્વજ્ઞ અને તપસ્વીઓમાં સર્વશ્રેષ્ઠ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પારાશરનો જન્મ થયો હતો. આ પારાશર મહામુનિએ દેવોના પણ દેવેશ્વર ત્રિપુરાન્તક ઈશાનની આરાધના કરીને એક અતિ અપ્રતિમ પ્રભુ શ્રીકૃષ્ણ દ્વૈપાયન જેવો ઉત્તમ પુત્ર પ્રાપ્ત કર્યો હતો.

વશિષ્ઠસ્તૂપયેમેઽથ ભાગિની નારદસ્યતુ ।
અરુન્ધતી વરારોહાં તસ્યાં શક્તિમજીજનત્ ॥
શકતેઃ શરાશરઃ પુત્રસ્તસ્ય વંશ નિબોધ મે ।
યસ્ય દ્વૈ પાયનઃ પુત્રઃ સ્વયં વિષ્ણુરજાયત ॥

- મત્સ્ય પુરાણ

વશિષ્ઠે નારદની બહેન સાથે લગ્ન કર્યું હતું, જે કન્યાનું નામ અરુન્ધતી હતું. અરુન્ધતીએ શક્તિને જન્મ આપ્યો હતો. શક્તિનો પુત્ર પારાશર થયો હતો. આ પછી જે વંશ આગળ ચાલ્યો તેમને સમજી લો. આ પરાશરને ત્યાં સ્વયં વિષ્ણુ ઉત્પન્ન થયા હતા.

અંઙગાંરારેષ્વઙિગરા જાતો હ્યાર્ચિભ્યોઽત્રિસ્તથૈવ ચ ।
મરીચિભ્યો મરીચિસ્તુ તતો જાતો મહાતપાઃ ॥
કેશૈસ્તુ કપિશા જાતઃ પુલસ્ત્યશ્ચ મહાતપાઃ ।
કેશૈ પ્રલમ્બૈઃ પુલહસ્તતોજાતોમહાતપાઃ ॥
વસુમધ્યાત્ સમુત્પન્નો વશિષ્ઠસ્તુ તપોધનઃ ।
ભૃગુઃ પુલામ્નસ્તુસુતાંદિવ્યાંભાર્યામવિન્દતઃ ।

- મત્સ્ય પુરાણ

અંગરામાં અંગીરા ઉત્પન્ન થઈ અને હુતાશનની અર્ચિયા વડે અત્રિ ઋષિની ઉત્પત્તિ થઈ હતી અને તે પછી આગળ ઉપર મરિચી વડે મહાન તપસ્વી મહર્ષિ મરિચી ઉત્પન્ન થયા હતા. કેશોથી કપિશ અને મહાન તપસ્વી પુલસ્ત્ય ઉત્પન્ન થયા. પુલંબ કેશો વડે ફરી મહાન તપસ્વી પુલહ ઉત્પન્ન થયા. વસુના મધ્યથી તપના ધનવાળા વશિષ્ઠ ઋષિ જન્મ્યા હતા. ભૃગુ મહર્ષિએ પુલોમાની પુત્રીને પોતાની પત્ની બનાવી હતી.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

એતાનુત્પાદ્ય પુત્રાસ્તુ પ્રજાસન્તાનકારણાત્ ।
કશ્યપઃ પુત્રકામસ્તુ ચચાર સુમહંત્તપઃ ॥
તસ્યૈવન્તપતોઽત્યર્થં પ્રાદુર્ભૂતોસુતાવિમૌ ।
વત્સરશ્ચાસિતશ્ચૈવ તાવુભૌ બ્રહ્મવાદિનૌ ॥

- કુર્મ પુરાણ

કશ્યપ ઋષિએ પુત્રોની કામના કરતાં આ પ્રમાણે પ્રજાને સન્તાનને કારણે પુત્રોને ઉત્પન્ન કરીને પછી સુમહાન તપ કર્યું હતું. તેમના આ પ્રમાણે તપ કરવાથી આ બે પુત્રો ઉત્પન્ન થયા હતાં, જેમાં એક વત્સર અને બીજો અસિત હતો. તેઓ બન્ને બ્રહ્મવાદી હતા.

પાણ્ડુશ્ચૈવ મૃકણ્ડુશ્ચ બ્રહ્મકોશૌ સનાતનૌ ।
મનસ્વિન્યાં મૃકણ્ડોશ્ચ માર્કણ્ડેયો વભૂ વહુ ॥
પ્રજાયતે પૂર્ણમાસં કન્યાશ્ચેમા નિબોધત ।
તુષ્ટિઃ પૃષ્ટિસ્તિત્વવાચૈવ તથા ચાપચિતિઃ શુભા ॥
સ્મૃતિશ્ચાઙિગ્રસઃ પત્ની જજ્ઞે તાવાત્મસમ્ભવૌ ।
પુત્રૌ કન્યાશ્ચતસ્રશ્ચ પુણ્યાસ્તા લોકવિશ્રુતાઃ ॥
અનુસૂયાપિ જજ્ઞે તાન્ પઞ્ચાત્રે યાનકલ્મષાન ।
કન્યાઞ્ચૈવ શ્રુતિ નામ માતા શંખપાદસ્ય યાઃ ॥
કર્દમસ્ય તુ યા પત્ની પુલહસ્ય પ્રજાપતેઃ ।
ઊર્જયાન્તુ વશિષ્ઠસ્ય પુત્ર વે સપ્ત જજ્ઞિરે ॥
જ્યાયસી ચ સ્વસા તેષાં પુણ્ડરીકા સુમધ્યમા ।

- વાયુ પુરાણ

પાંડુ અને મૃકણ્ડુ બ્રહ્મકોશ તથા સનાતન થયા. મનસ્વિનીમાં મૃકણ્ડુથી માર્કણ્ડેય ઉત્પન્ન થયા. મરિચીની પત્ની સમ્ભૂતિ નામવાળી હતી. તેણે અપત્ય પુત્ર ઉત્પન્ન કર્યો, જે પૂર્ણ માસે ઉત્પન્ન થાય છે અને તેને કન્યાઓ થઈ તેમને સમજી લો. તુષ્ટિ,



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પુષ્ટિ, ત્વિષા, અક્ષચિત અને શુભા આ કન્યાઓ થઈ. અન્ગિરાની પત્ની સ્મૃતિએ બે પુત્ર ઉત્પન્ન કર્યા અને ચાર પરમ પવિત્ર તથા લોક વિશ્રુત કન્યા ઉત્પન્ન કરી હતી. અનસૂયાએ પણ અકલ્મષ પાંચ અત્રિયોને જન્મ આપ્યો અને એક કન્યા ઉત્પન્ન કરી, જેનું નામ શ્રુતિ અને જે શંખપદની માતા હતી તથા પ્રજાપતિ પુલહ કર્દમની પત્ની હતી. ઊર્જામાં વશિષ્ઠના સાત પુત્ર ઉત્પન્ન થયા અને જયાયસી (મોટી) તેમની બહેન સુમધ્યમા પુંડરોકા હતી.

**સ્વસ્યાત્રેય ઈતિ ખ્યાતા ઋષયો વેદપારગાઃ**
**તેષાં વિખ્યાતયશસૌ બ્રહ્મષ્ઠૌ સુમહૌજાસો ॥**
**દત્તાત્રેયસ્તસ્ય જયેષ્ઠો દુર્વાસાસ્તસ્યઃ ચાનુજઃ ।**

**- વાયુ પુરાણ**

સ્વસ્ત્યાત્રેય આ નામથી પ્રખ્યાત વેદના પારગામી ઋષિગણ હતા. તેમનામાં પ્રખ્યાત યશવાળા મહાન ઓજથી યુક્ત પરમ બ્રહ્મષ્ઠ બે પુત્ર હતા. તેમાં દત્તાત્રેય સૌથી મોટા હતા તેમના નાનાભાઈ દુર્વાસા હતા.

ગૃહસ્થાશ્રમમાં રહીને સ્વાવલંબી આજીવિકા ઉપાર્જન કરતા રાજા જનકની જેમ જળમાં કમળ પત્રવત્ રહેવું સંભવ છે. (૧) ઉચ્ચ મનોભૂમિ (૨) સત્કર્મ (૩) વાણીનો શ્રેષ્ઠતમ સદુપયોગ કરવો આ ત્રણ દંડ છે. તેમને ધારણ કરનાર વ્યક્તિ વેશ ધારણ કર્યા સિવાય ત્રિદંડી સંન્યાસી થઈ શકે છે.

ખરેખર શારીરિક અને માનસિક ઉત્કૃષ્ટતાને ધારણ કરવી એ જ યોગી અથવા યતિ હોવાનો વાસ્તવિક આધાર છે. ઘર છોડી દેવું અથવા વેષ ધારણ કરવો તે તેને માટે જરૂરી નથી. પ્રાચીન પરંપરા આવી જ સાધનાની છે, જેમાં મનની ક્રિયાને નિર્મળ ઉત્કૃષ્ટ બનાવવા પર જ ભાર મૂકવામાં આવતો હતો. ઋષિમુનિઓ આ સ્તરના હતા. આનો ઉલ્લેખ શાસ્ત્રોમાં બધે મળી આવે છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

એવં નિશ્ચિત્ય સુધિયા ગૃહસ્થોઽપિ યદા ચરેત્ ।
તદા સિદ્ધિમવાપ્નોતિ નાત્ર કાર્યા વિચારણા ॥

- શિવ ગીતા

નિશ્ચય, આસ્થા અને નિર્મળ બુદ્ધિવાળો ગૃહસ્થ પણ યોગસાધના કરતાં કરતાં અવશ્ય સિદ્ધિ પ્રાપ્ત કરે છે.

ગૃહસ્થશ્ચાપ્યનાસક્ત સ મુકતો યોગસાધનાત્ ।
યોગક્રિયાભિસક્તાંનાં તસ્માત્સંયતતે ગૃહી ॥
ગેહે સ્થિત્વા પુત્રદારાદિપૂર્ણ:
સંગ ત્યકત્વા ચાન્તરે યોગમાર્ગે ।
સિદ્ધે ચિન્હ વીક્ષ્ય પશ્ચાદ્ગૃહસ્થ:
ક્રીડેત્સો વૈ સમ્મતં સાધયિત્વા ॥

- શિવ ગીતા

યોગ સાધનામાં સંલગ્ન સાધક ગૃહસ્થ હોવા છતાં પણ સંયમપૂર્વક સાધના કરવાથી સિદ્ધિ પ્રાપ્ત કરે છે.

ઘરમાં રહીને સ્ત્રી, પુત્ર વગેરેની વ્યવસ્થા અનાસક્ત ભાવથી કરતાં કરતાં યોગસાધનામાં સફળતા પ્રાપ્ત કરી શકે છે.

વાગ્દણ્ડઃ કર્મદણ્ડશ્ચમનોદણ્ડશ્ચતેત્રયઃ ।
યસ્યૈતેનિયતાદણ્ડાઃ સત્રિદણ્ડીમહાયતિઃ ॥

- માર્કંડેય પુરાણ

જેની પાસે (૧) વાક્ દંડ (૨) કર્મ દંડ તથા (૩) મનોદંડ છે તે જ ત્રિદંડી છે. તે જ મહા યતિ છે.

ઈન્દ્રિયાણિ વશીકૃત્ય ગૃહ એવ વસેન્નરઃ ।
તત્ર તસ્ય કુરુક્ષેત્રં નૈમિષં પુષ્કરાણિ ચ ॥
ગંગાદ્વારઞ્ચ કેદારં સન્નિહત્યાં તથૈવ ચ ।
એતાનિ સર્વતીર્થાનિ કૃત્વા પાપૈઃ પ્રમુચ્યતે ॥

- વ્યાસ સ્મૃતિ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પોતાની ઈન્દ્રિયોને વશમાં રાખનારો માણસ જો ઘરમાં જ રહે તો તેને માટે તે ઘર જ નૈમિષારણ્ય, કુરુક્ષેત્ર તેમજ પુષ્કર સમાન છે. જેણે પોતાના મનને જીતી લીધું તેને માટે ગંગાદ્વાર, કેદારનાથ વગેરે તમામ તીર્થોનો લાભ મળી જાય છે.

પ્રપશ્ચમખિલં યસ્તુ જ્ઞાનાગ્નૌ જુહુતાદ્યતિઃ ।
આત્મન્યગ્નીન્સમારોપ્ય સાઽગ્નિહોત્રી મહાયતિઃ ॥

- સંન્યાસોપનિષદ્ ૨-૧-૧૬

જે પોતાના આત્મામાં અગ્નિને પ્રજ્વલિત કરે છે તે જ સાચો અગ્નિહોત્રી અને મહાયતિ છે.

સાધનાત્મક માર્ગ પર આગળ ધપતાં ધપતાં વિચારવાન સાધકોએ સાંસારિક અને આત્મિક બન્ને ભૂમિકાઓનો સમન્વયાત્મક નિર્વાહ કરવો જોઈએ. પ્રાચીનકાળમાં ઋષિ-મુનિઓની જીવનચર્યા આવી જ હતી અને આજની દૃષ્ટિએ આ જ ઉચિત અને ઉપયુક્ત છે.

## ગૃહસ્થધર્મ તુચ્છ નથી

બ્રહ્મચર્યનું પાલન એ ઘણું જ ઉત્તમ, ઉપયોગી તથા લાભદાયી છે. તે શારીરિક તેમજ માનસિક બન્ને દૃષ્ટિએ હિતકારક છે. જે જેટલો સમય વધુ બ્રહ્મચારી રહે તે તેના માટે તેટલું જ સારું છે. સામાન્ય રીતે છોકરાએ ૨૦ વર્ષ અને છોકરીઓએ ૧૮ વર્ષ સુધી અવશ્ય બ્રહ્મચારી રહેવું જોઈએ. જે પોતાના મનને વશમાં રાખી શકે તેમ હોય તેમણે વધુ સમય બ્રહ્મચારી રહેવું જોઈએ.

બ્રહ્મચર્યમાં માનસિક સંયમ મુખ્યત્વે છે. જો મન વાસનાઓમાં ભટકતું રહે અને શરીરને હઠપૂર્વક સંયમમાં રાખવામાં આવે તો લાભને બદલે નુકસાન જ થાય છે. શારીરિક કામસેવનથી જેટલું નુકસાન થાય છે તેનાથી અનેકગણું નુકસાન માનસિક અસંયમથી થાય છે. વીર્યની પૂર્તિ તો સહેલાઈથી થઈ શકે છે, પરંતુ માનસિક કામચિંતનથી જે ઉત્તેજનાઓ પેદા થાય છે તે જો તૃપ્ત ન થાય તો



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કચડાઈ ગયેલા સાપની જેમ ક્રોધિત થઈ પોતાને છંછેડનાર ઉપર આક્રમણ કરે છે.

મનોવિજ્ઞાનના વિખ્યાત આચાર્ય ડૉ. ફ્રૉઈડ, ડૉ. બ્રાઈન, ડૉ. બેનનો મત છે કે વાસનાઓને દબાવવાથી સુષુપ્ત મનના એક ભાગમાં અસંતોષ સાથે ભેગી થાય છે અને જ્યારે સમય મળે છે ત્યારે ભયંકર શારીરિક અને માનસિક રોગો ઉત્પન્ન કરે છે. તેઓનું કહેવું છે કે ગાંડપણ, મુર્છા, વાઈ, ઉન્માદ, નાડીસંસ્થાનમાં ભંગાણ, અનિદ્રા, કાયરતા વગેરે અનેક રોગો વાસનાઓને અનુચિત રીતે કચડી નાખવાથી ઉત્પન્ન થાય છે. એટલા માટે બ્રહ્મચર્યની પહેલી શરત "મનની સ્થિરતા" માનવામાં આવી છે. જેનું મન કોઈ ઉચ્ચ વિચારોમાં મગ્ન રહેતું હોય, વિષયવૃત્તિઓ તરફ જેનું ધ્યાન જ જતું નથી અથવા જાય તો તરત જ અરુચિ અને ઘૃણાથી ત્યાંથી હટાવી લે છે તેઓ જ બ્રહ્મચારી છે. જેનું મન વાસનાઓમાં ભટકે છે, ચિત્ત ઉપર કાબૂ રાખી શકતા નથી તેમના શારીરિક બ્રહ્મચર્યને વિડમ્બના જ કહી શકાય.

કોઈ જગ્યાએથી પાણીનો પ્રવાહ ચાલુ હોય, પરંતુ તેના વહેવાના માર્ગને બંધ કરી દેવામાં આવે તો તે પાણી ભેગું થતાં બીજા માર્ગેથી નીકળી જશે. મનમાં વિષયચિંતન કરવું અને બહારથી બ્રહ્મચર્ય રાખવું તે આવું જ કામ છે. મનમાં વાસના પેદા થતાં જે ઉત્તેજનાઓ પેદા થાય છે તે બહાર આવવાનો કોઈને કોઈ રસ્તો શોધી કાઢે છે. સામાન્ય માર્ગ બંધ થાય છે તો બીજો કોઈ માર્ગ બનાવી બહાર આવી જાય છે. આ નવો માર્ગ ધાર્યા કરતાં ઘણો જ ખતરનાક અને નુકસાનકારક સાબિત થાય છે.

આખા સંસારના લોકોના રિપોર્ટનું અવલોકન કરવામાં આવે તો આ સચ્ચાઈ વધુ સ્પષ્ટ રૂપથી પ્રગટ થઈ જાય છે. પરણિત સ્ત્રીપુરુષોના મૃત્યુના ટકા કરતાં વિધવા અથવા વિધુરોના મૃત્યુની ટકાવારી દોઢગણી વધારે છે. આમ જોતાં પરણિતોની જીવનશક્તિ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વધારે અને અપરણિતોની જીવનશક્તિ ઓછી ખર્ચાય છે. આનાથી પરણિતો અલ્પ આયુ અને રોગપીડિત રહેવાની સંભાવના પ્રતિપાદિત થાય છે, છતાં પણ બને છે આનાથી ઊલટું. પરણિત લોકો સંભોગજન્ય શક્તિક્ષય, બાળકોનું ભરણપોષણ, વધુ પડતી ચિંતા તથા વધારે પડતી જવાબદારીનો ભાર વહન કરતાં કરતાં પણ જેટલું આયુષ્ય અને તંદુરસ્તી ધરાવે છે તેટલાં અપરણિતો ધરાવતા નથી કે પ્રાપ્ત કરી શકતા પણ નથી. એનું એક જ મુખ્ય કારણ વાસનાની અતૃપ્તિથી ઉત્પન્ન થતો ઉદ્વેગ છે. જે ખૂબ જ ઘાતક હોય છે. એની વિષયાક્ત જ્વાળાથી બધું જીવનતત્ત્વ અંદરને અંદર બળીને ખાખ થઈ જાય છે. ચિત્તની અસ્થિરતા અને અશાન્તિને લીધે કોઈ વખાણવાલાયક કાર્ય પણ કરી શકાતું નથી. કોઈ મહાન સફળતા પણ મળી શકતી નથી. આ રીતે પરણિતોની સરખામણીમાં અપરણિતો હંમેશાં નુકસાનમાં જ રહે છે.

વાંચકોએ મારો આશય સમજવામાં ભૂલ ન કરવી જોઈએ. હું બ્રહ્મચર્યની સરખામણીમાં પરણિત જીવનને સારું બતાવવાનો પ્રયત્ન કરતો નથી. બ્રહ્મચર્ય એક અત્યંત ઉપયોગી અને હિતકારી સાધના છે. તેના લાભોની કોઈ ગણતરી થઈ શકતી નથી. અહીં હું માનસિક અસંયમ અને વિવાહિત જીવનની સરખામણી કરી રહ્યો છું. જે વ્યક્તિ બ્રહ્મચર્યની સાધનામાં સફળ ન થઈ શકે, માનસિક વાસના ઉપર કાબૂ ન રાખી શકે તેને માટે પરણિત જીવન જીવવું ખૂબ ઉચિત છે. થાય છે પણ તેવું જ કે સો વ્યક્તિઓમાંથી નવ્વાણું વ્યક્તિઓ ગૃહસ્થજીવન જીવે છે. આ સ્વાભાવિક પ્રક્રિયામાં કોઈ અનુચિત બાબત પણ નથી.

એ વિચારવું બરાબર નથી કે ગૃહસ્થાશ્રમમાં બંધાઈ જવાથી આધ્યાત્મિક ઉન્નતિ થઈ શકતી નથી. આત્માને ઊંચે ઉઠાવી પરમાત્મા સુધી લઈ જવો તે પુનિત આત્મિક સાધના અંતઃકરણની આંતરિક સ્થિતિ સાથે સંબંધ ધરાવે છે. બાહ્યજીવન સાથે તેનો કોઈ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સંબંધ નથી. જેવી રીતે બ્રહ્મચારી, વાનપ્રસ્થ અથવા સંન્યાસી આત્મસાધના દ્વારા જીવનલક્ષ્યની પ્રાપ્તિ કરી શકે છે તે જ પ્રમાણે ગૃહસ્થ પણ કરી શકે છે. સદા સનાતનકાળથી આમ થતું આવ્યું છે. અધ્યાત્મ સાધકોમાં વધારે સાધકો ગૃહસ્થાશ્રમમાં જ જોવા મળ્યા છે. પ્રાચીનકાળથી ઋષિમુનિઓ આજના બેજવાબદાર અને અવ્યવસ્થિત બાવાઓથી સાવ જુદા હતા. ગીચ વસ્તીમાં ન રહેતાં, સ્વચ્છ હવામાં દૂર દૂર ઘર બનાવવાં, પાકાં મકાન ન બનાવતાં નાની નાની ઝૂંપડીઓમાં રહેવું, વસ્ત્રોથી લદાયેલા રહેવાના બદલે શરીરને ખુલ્લું રાખવું તે એ વખતની સામાન્ય પ્રણાલિકા હતી. એ વખતના રાજાઓ અને દેવતાઓનાં જે ચિત્રો મળે છે તેમાંના કોઈએ કમરથી ઉપર કપડાં પહેર્યાં હોય તેવા જોવા મળતા નથી. આ એ વખતની પરંપરા હતી. આજે જે વેશભૂષાની નકલ કરીને પોતાને સાધુ માની લે છે તે પહેરવા-ઓઢવાનું તથા રહેણી-કરણી એ સમયમાં બધા માટે સર્વ સામાન્ય હતી.

આ એક મોં માથા વગરની માન્યતા છે કે પ્રાચીનકાળમાં ઋષિઓ લગ્ન કરતા નહોતા. જો કે ઋષિમુનિઓમાંથી કેટલાક એવા હતા, જે લાંબા સમય સુધી અથવા આજીવન બ્રહ્મચારી રહેતા હતા, પરંતુ એમાં મોટાભાગે તો ગૃહસ્થ જ હતા. સ્ત્રી અને બાળકો સાથે રહેવાથી તેમને આત્મોન્નતિમાં, તપશ્ચર્યામાં સહાય મળતી હતી. ઈતિહાસ-પુરાણોમાં ડગલે ને પગલે એ બાબતની સાક્ષી મળે છે કે ભારતીય મહર્ષિગણ, યોગી, યતિ, સાધુ, તપસ્વી, સંશોધક, ચિકિત્સક, વક્તા, રચનાકાર, ઉપદેષક, દાર્શનિક અધ્યાપક, નેતા વગેરે વિવિધ રૂપોમાં પોતાનું જીવન જીવતા હતા અને પોતાના મહાનકાર્યમાં સ્ત્રી-બાળકોને પણ ભાગીદાર બનાવતા હતા.

આધ્યાત્મિક માર્ગ ઉપર આગળ વધનાર સાધકની સામે આજે અજ્ઞાનથી ભરેલ અને અવિવેકથી ભરપૂર મૂઢ માન્યતાઓએ એક જબરદસ્ત ગુંચવાણ ઊભી કરી દીધી છે. આત્મસાધના ઘરમાં



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

રહીને થઈ શકતી નથી, સ્ત્રી નર્કનું દ્વાર છે, કુટુંબ માયાનું બંધન છે. આ બધું હોવાથી ભજન થઈ શકતું નથી, પરમાત્મા મળતા નથી. આ પ્રકારની અજ્ઞાનપૂર્ણ, ભ્રમપૂર્ણ કલ્પનાઓ સાધકના મગજમાં ચકરાવો લેતી હોય છે. પરિણામ એ આવે છે કે ક્યાં તો આત્મમાર્ગ પોતાને માટે સંભવિત નથી તેમ માની તેને છોડી દે છે અથવા તો પછી પારિવારિક મહાન જવાબદારીને છોડીને, ભીખ માગી જીવન વિતાવવા ઘર છોડીને જતા રહે છે. વળી જો પાર ન ઊતરતાં વચ્ચેની સ્થિતિમાં લટકી રહે તો તેની દુર્દશા થાય છે. કુટુંબ તેને એના ગળામાં બાંધેલા ઘંટીના પડિયાની જેમ ભારરૂપ લાગે છે. ઉપેક્ષા, લાપરવાહી, બેજવાબદારીની રીતે વર્તણુક કરવાથી તેના પ્રત્યેક વહેવાર તથા વર્તનમાં કુરૂપતા અને કડવાશ આવી જાય છે. સ્ત્રી અને બાળકો વિચારે છે કે આ વ્યક્તિએ અમારું જીવન દુઃખમય બનાવી દીધું છે, શત્રુતાનો ભાવ એમના મનમાં જાગે છે, વિરોધની ભાવનાઓ ઉત્પન્ન થાય છે, કડવાશ, ઘૃણા, કંકાસ અને તિરસ્કારનું ઝેરી વાતાવરણ બની જાય છે. આ વાતાવરણમાં રહેવાવાળું કોઈ પણ પ્રાણી સ્વસ્થ અને પ્રસન્ન રહી શકતું નથી.

હકીકત એ છે કે આત્મસાધકમાં જે વિક્ષેપ પેદા થાય છે તેનું કારણ તેની પોતાની ખરાબ વાસના, સંકીર્ણતા, તુચ્છતા, અનુદારતા અને સ્વાર્થીપણું છે. આ દુર્ભાવ બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ યા સંન્યાસ જે કોઈ પણ આશ્રમમાં રહેશે તેને પાપમય બનાવી મૂકશે. આથી ઊલટું જો એના મનમાં ત્યાગ, સેવા, સત્યતા, સજ્જનતા અને ઉદારતાની ભાવનાઓ હશે તો કોઈ પણ આશ્રમ સ્વર્ગદાયક, મુક્તિપ્રદ તથા પરમપદ આપનારો બની શકે છે. આધ્યાત્મિક સાધકોએ પોતાના મનમાંથી એ ભ્રમને સંપૂર્ણપણે કાઢી નાખવો જોઈએ કે ગૃહસ્થાશ્રમ એ કોઈ નાનો કે નીચલા સ્તરનો છે. જો સારી રીતે તેનું પાલન કરવામાં આવે તો બ્રહ્મચર્ય અથવા સંન્યાસ આશ્રમની જેમ ગૃહસ્થાશ્રમ પણ સિદ્ધિદાયક સાબિત થઈ શકે છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ગૃહસ્થધર્મ, જીવનનું એક પુનિત, આવશ્યક તથા ઉપયોગી અનુષ્ઠાન છે. સ્ત્રી અને પુરુષના સાથે રહેવાથી બે અંપૂર્ણ જીવન એક પૂર્ણ જીવનનું રૂપ ધારણ કરે છે. પક્ષીઓની બે પાંખોની જેમ સ્ત્રી અને પુરુષનું મિલન એક દૃઢતા તેમજ સ્થિરતાની સૃષ્ટિ રચે છે. શારીરિક અને માનસિક તત્ત્વના આચાર્યો જાણે છે કે અમુક તત્ત્વોની પુરુષોમાં અધિકતા અને સ્ત્રીઓમાં ઓછપ હોય છે. એવી રીતે કેટલાંક તત્ત્વો સ્ત્રીમાં વધારે અને પુરુષમાં ઓછાં હોય છે. આ બંનેની ઊણપ સ્ત્રી અને પુરુષના સાહચર્યથી પૂરી થાય છે. સ્ત્રી પુરુષમાં એકબીજા પ્રત્યે જે ખૂબ આકર્ષણ હોય છે તે આ ક્ષતિઓની પૂર્તિ અર્થે જ હોય છે. મનની સૂક્ષ્મ ચેતના પોતાની ક્ષતિઓની પૂર્તિ અર્થે ઉપયુક્ત સાધનો મેળવવા માટે વિચલિત બની જાય છે ત્યારે તેને સંયોગની અભિલાષા કહી શકાય છે. આંધળો અને લંગડો ભેગા મળીને ચાલવાનો અને જોવાનો લાભ મેળવી લે છે. આવો જ લાભ એકબીજાને મદદરૂપ બની દંપતી પણ મેળવી શકે છે.

વાસ્તવમાં ન તો સ્ત્રી ખરાબ છે કે ન પુરુષ. બંને ઈશ્વરની પવિત્ર કૃતિઓ છે. બંનેમાં આત્માનો નિર્મળ પ્રકાશ ઝગમગે છે. પુરુષનું કાર્યક્ષેત્ર ઘરની બહાર રહેવાથી તેની બાહ્ય યોગ્યતાઓ વિકાસ પામી છે. તે બળવાન, પ્રભાવશાળી, કમાઉ અને ચતુર દેખાય છે, પરંતુ એની સાથે સાથે આત્મિક સદ્ગુણોને તે બાહ્ય સંઘર્ષને લીધે ખોઈ બેઠો છે. સરળતા, સરસતા, વફાદારી, આત્મત્યાગ, દયાળુતા, પ્રેમ તથા વાત્સલ્યના ગુણો આજે પણ સ્ત્રીઓમાં પુરુષોની સરખામણીમાં વધુ દેખાય છે. યુગોથી શિક્ષણ, દીક્ષા, અનુભવ તથા સામાજિક કાર્યક્ષેત્રથી દૂર એક નાના સરખા પિંજરા જેવા ઘરમાં જીવનભર બંધ રહેવાના કારણે અને પોતાના જેવી અન્ય મૂર્ખ વ્યક્તિઓના સંપર્કમાં રહેવાના કારણે તે બિચારી વ્યાવહારિક જ્ઞાનમાં મોટે ભાગે પાછળ રહી ગઈ છે, તેમ છતાં તેનામાં આત્મિક સદ્ગુણો પુરુષો કરતાં વધારે હોય છે. એનાં



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સાનિધ્યથી નર્ક, પતન, માયા, બંધન જેવા સંકટો આવી પડવાની શંકા રહેતી નથી. સાચું તો એ છે કે એના પવિત્ર પાલવની છાયામાં રહીને પુરુષ પોતાની શેતાની આદતોથી ઘણો ખરો છુટકારો મેળવી લે છે. એની સ્નેહગંગાના અમૃતજળનું પાન કરીને પોતાના પાપતાપોથી છુટકારો મેળવી લે છે.

જેનું પોતાનું અંતઃકરણ પવિત્ર છે તે કોમળતાની અધિકતાને લીધે સ્ત્રીમાં સત્ તત્ત્વનો અનુભવ કરે છે. હજરત મહંમદ સાહેબ કહ્યા કરતા હતા કે "નારીનું મહત્ત્વ હું એટલા માટે નથી માનતો કે વિધાતાએ તેને સુંદર બનાવી છે. એને પ્રેમ એટલા માટે નથી કરતો કે તે પ્રેમ માટે જ ઉત્પન્ન થઈ છે. હું તો તેને એટલા માટે પૂજ્ય માનું છું કે મનુષ્યત્વ ફક્ત તેનામાં જ જીવિત છે." દિવ્યદર્શી ટેલરે પોતાની અનુભૂતિ જાહેર કરી હતી કે સ્ત્રીની સૃષ્ટિમાં ઈશ્વરીય પ્રકાશ છે. તે એક મધુર સરિતા છે, જ્યાં મનુષ્ય પોતાની ચિંતાઓ અને દુઃખોમાંથી રક્ષણ મેળવે છે." દાર્શનિક પ્લેટોએ કહ્યું છે કે "સૃષ્ટિની શરૂઆતમાં મનુષ્ય અપંગ હતો. તે પૃથ્વીના એક ખૂણામાં પડ્યો પડ્યો સિસકારા ભરી રહ્યો હતો, સ્ત્રીએ તેને ઉઠાવી લીધો અને પાળીપોષીને મોટો કર્યો. આજે એ જ કૃતજ્ઞ આ સ્ત્રીઓને પોતાના પગની જૂતી સમજે છે." કવિ હાલગ્રેચનું માનવું છે કે, સ્ત્રીઓ ભૂલોકની કવિતા છે. પુરુષોના ભાગ્યનો વિસ્તાર તેઓના હાથમાં છે. કાર્લાઈલ કહ્યા કરતા કે "જો તમે પ્રેમનાં પ્રત્યક્ષ દર્શન કરવા ઈચ્છતા હો તો માતાનાં ગદ્ગદિત નેત્રો સામે જુઓ." સૃષ્ટિના આરંભકાળનું દર્શન કરાવતાં સંત કેવવેલે કહ્યું કે "જ્યાં સુધી આદમ એકલો હતો ત્યાં સુધી તેને સ્વર્ગ પણ કષ્ટદાયી લાગતું હતું, દેવતાઓનાં ગીત, શીતળ પવન અને સુંદર વાટિકાઓ તેને વ્યર્થ લાગતી હતી. આ બધું હોવા છતાં તે ઉદાસ રહેતો હતો અને નિસાસા નાખતો હતો, પરંતુ જ્યારે તેને ઈવ મળી ગઈ તો બધું જ દુઃખ દૂર થઈ ગયું. કાંટાઓ ફૂલોમાં બદલાઈ ગયા.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જે સંતોએ પોતાનાં પવિત્ર નેત્રોથી નારીને જોઈ છે તેમને તેમાં ઈશ્વરની સજીવ કવિતા મૂર્તિમંત દેખાઈ છે. જેમની દષ્ટિમાં પાપ છે તેમને માટે બહેન, દીકરી અને માતાની નજીકતામાં જ નહિ, પરંતુ પ્રત્યેક જડચેતનની નજીકતાનો પણ ભયાનક ખતરો છે. જેના પાલવમાં આગ બાંધેલી છે એને માટે સર્વત્ર અગ્નિકાંડનો ખતરો છે. જેની આંખો પર ઠંડકનાં લીલાં ચશ્માં છે તેને માટે ધોમધખતો તડકો પણ શીતલ છે. વાંચકો, તમારો દષ્ટિકોણ પવિત્ર બનાવો. વિશ્વાસ રાખો, રાજા જનકની માફક તમે પણ ગૃહસ્થાશ્રમમાં રહીને સાચા મહાત્મા બની શકો છો."

ગૃહસ્થધર્મને બીજા બધા ધર્મો કરતાં વધુ મહત્ત્વપૂર્ણ માનવામાં આવ્યો છે. મહર્ષિ વ્યાસના શબ્દોમાં "ગૃહસ્થ્યેવહિ ધર્માણા સર્વેષાં મૂલમુચ્યતે" ગૃહસ્થધર્મ જ સર્વ ધર્મોનો આધારસ્તંભ છે. 'ધન્યો ગૃહસ્થાશ્રમ' ચારેય આશ્રમોમાં ગૃહસ્થાશ્રમ ધન્ય છે. જેવી રીતે સઘળાં પ્રાણીઓ માતાનો આશ્રય મેળવી જીવતાં રહે છે તેવી રીતે બધા આશ્રમો ગૃહસ્થાશ્રમ પર આધારિત છે.

પરિવાર સંસ્થા સહજીવનના વ્યાવહારિક શિક્ષણની પ્રયોગશાળા છે. એટલા માટે કુટુંબને સમાજરૂપી સંસ્થાનો પાયો માનવામાં આવે છે. ગૃહસ્થજીવનમાં કોઈપણ જાતના સંવિધાન, દંડવિધાન કે સૈનિક શક્તિ વગર બધા જ સભ્યો પરસ્પર સહયોગી સહજીવન વિતાવે છે. માતા, પિતા, પુત્ર, પતિ-પત્ની વગેરે સંબંધો કોઈ દંડ, ભય અથવા કાયદાની પ્રેરણા પર આધારિત નથી, પરંતુ તે સ્વેચ્છાથી કુળધર્મ, કુળપરંપરા, આનુવંશિક સંસ્કારો પર આધારિત રહે છે. પ્રત્યેક સભ્ય પોતપોતાની મર્યાદાઓનું પાલન કરવામાં પોતાની પ્રતિષ્ઠા, કલ્યાણ, ગૌરવની ભાવના રાખીને આનંદથી તેમને નિભાવવાનો પ્રયત્ન કરે છે. કુટુંબ સાથે સહજીવનમાં જરૂર પડ્યે પ્રત્યેક સભ્ય પોતાના વ્યક્તિગત સુખ, સ્વાર્થોનો ત્યાગ કરવામાં આનંદ અનુભવે છે. આ જ સહજીવનની સર્વોપરી જરૂરિયાત હોય છે. પોતાના સ્વાર્થોનો



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ત્યાગ કર્યા વિના, કષ્ટ સહન કર્યા વિના, સહજીવનની કલ્પના પણ કરી શકાતી નથી અને એમાં પણ એ વિશેષતા છે કે આ ત્યાગ તથા સહિષ્ણુતા સ્વેચ્છાથી ખુશ થઈને કરવામાં આવે છે. સહજીવન માટે આવું શિક્ષણ બીજે ક્યાં મળી શકે?

કુટુંબના નિર્માણ માટે પછી કોઈ કૃત્રિમ ઉપાય કે વિધાનની જરૂર રહેતી નથી. પરિવાર પોતે "સ્વયંસિદ્ધ" સંસ્થા છે. માતા-પિતા, ભાઈ-બહેન, કાકા-કાકી વગેરેની પસંદગી કરવાની જરૂર રહેતી નથી. જ્યાં ગૃહસ્થાશ્રમ છે ત્યાં આ બધાં પ્રત્યક્ષ હોય જ છે અને આ સંબંધોને સ્થિર રાખવા માટે કોઈ કૃત્રિમ ઉપાયોની પણ જરૂર રહેતી નથી. કુટુંબ તો સહજ આત્મીયતા ઉપર જ ચાલે છે.

કહેવત છે કે "પાણીની સરખામણીમાં લોહી વધુ જાડું" હોય છે. એટલા માટે એક જ જળાશયની પાસે વસનારાઓની સરખામણીમાં એકજ કુટુંબમાં બંધાયેલ લોકોના સંબંધ વધુ ગાઢ, આત્મીય અને અભેદ્ય હોય છે." ગમે તેટલું વેર ભલે પેદા થાય, પરંતુ લોહીની સગાઈ મનુષ્યના દિલ-દિમાગમાંથી ખસતી નથી. એક જ લોહીવાળી વ્યક્તિઓ પોતાના સાથી સાથે પોતે ક્યારેક લડે છે, પરંતુ બીજાઓના આક્રમણને સહન કરતા નથી.

દુનિયામાં બધા સંબંધો પરિસ્થિતિ અંગે સંજોગોવશાત તૂટી શકે છે, પરંતુ લોહીના સંબંધો તૂટી શકતા નથી. "કોઈ પુત્ર પોતાના પિતાને એમ નહિ કહી શકે કે હું તમારો દીકરો નથી. કોઈ ભાઈ પોતાની બહેનને એમ સાબિત નહિ કરી શકે કે હું તારો ભાઈ નથી." લોહીનો સંબંધ સ્વયં સિદ્ધ છે. માતા-પિતા પોતાના પુત્ર માટે જેટલું વિચારી શકે છે એટલું હૃદયપૂર્વક બીજાઓ નહિ વિચારી શકે. એમાં કોઈ શંકા નથી કે એક જ લોહીથી સિંચાયેલી કુટુંબરૂપી સંસ્થા ગૃહસ્થજીવનનો અલૌકિક ચમત્કાર છે.

ગૃહસ્થનો આધાર લગ્નજીવન છે. સ્ત્રી અને પુરુષ લગ્ન સંસ્કાર દ્વારા ગૃહસ્થજીવનમાં પ્રવેશ કરે છે ત્યારે તેઓ ગૃહસ્થાશ્રમી કહેવાય



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

છે. યાદ રહે કે લગ્ન સંસ્કાર એ બે શરીરોનું મિલન નથી. આપણે ત્યાં લગ્ન સ્થૂળ રૂપે નહિ, પરંતુ હૃદયની, આત્માની તથા મનની એકતાના સંસ્કાર છે. જેઓ લગ્નને શારીરિક નિરંકુશ કામોપભોગને સામાજિક સ્વીકૃતિપત્ર માને છે તેઓ ભૂલ કરે છે -તેઓ અજ્ઞાન છે. લગ્નનું આ પ્રયોજન નથી. ભારતીય જીવનપદ્ધતિમાં આનો ઉદ્દેશ ખૂબ જ મહત્ત્વનો છે, દિવ્ય છે, પવિત્ર છે. લગ્ન સમયે વર કહે છે.

**દ્યૌરહં પૃથ્વી ત્વં સામાહમ્હવત્વમ્ ।**

**સંમ્પ્રિદી સેચિષ્ણુ સુમનસ્યમાનોજીવેમ શરદઃ શતમ્ ॥**

અર્થાત્ હું આકાશ છું, તું પૃથ્વી છે. હું સામવેદ છું, તું ઋગ્વેદ છે. આપણે એકબીજાને પ્રેમ કરીએ, એકબીજાને સુશોભિત કરીએ, એક બીજાને પ્રિય બનીએ, એકબીજા સાથે નિષ્કપટ વ્યવહાર કરી સો વર્ષ સુધી જીવીએ.

એવું કહેવામાં નથી આવ્યું કે પતિ-પત્ની બે શરીરો છે. આ બે શરીરોનું મિલન જ લગ્ન છે અથવા ભોગાસક્ત જીવન જીવીને અલ્પ મૃત્યુ પ્રાપ્ત કરવું તે લગ્ન છે. આકાશ અને પૃથ્વીનું મિલન પતિ પત્નીના સંબંધનો અપૂર્વ આદર્શ છે. લગ્ન એ જ્ઞાન અને કલાનો સંગમ છે. પ્રેમ માટે એકબીજાને સમર્પિત થવાનું વિધાન છે. બે હૃદયોને નિષ્કપટ-ખુલ્લા વ્યવહાર સૂત્રમાં પરોવવાનું-બાંધવાનું વિધાન છે. લગ્ન સંયમપૂર્વક, પરંતુ આનંદમય જીવન વિતાવી પૂર્ણ આયુષ્ય પ્રાપ્ત કરવાનો સહજ માર્ગ છે.

ગૃહસ્થજીવનનો ઉદ્દેશ્ય સ્ત્રી, પુરુષ તથા અન્ય સભ્યોનું એવું સંયુક્ત જીવન છે, જે તેઓને શારીરિક સીમાઓથી ઉપર ઉઠાવી એકબીજા પ્રત્યે નિષ્ઠા, આત્મીયતા તથા એકાત્મકતાની દોરી વડે બાંધી લે છે. આ બંધન જેટલું પુષ્ટ તથા મજબૂત થતું જાય છે તેટલી જ શારીરિકતા ગૌણ થતી જાય છે. આવી પરિસ્થિતિમાં શરીર ભલે રોગી કે કુરૂપ બની જાય, પરંતુ પારસ્પરિક નિષ્ઠા ઓછી થતી નથી.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

એક સ્ત્રી જ સંસારમાં બધાથી સુંદર અને ગુણવાન નથી હોતી, પરંતુ પતિ માટે જગતમાં એના સમાન કોઈ નથી. સંસારમાં બધી જ મા એકસરખી નથી હોતી, પરંતુ દરેક મા પોતાના બાળક માટે વાત્સલ્યની એક સાકાર પ્રતિમા છે. એક ગરીબ અશિક્ષિત માના ખોળામાં બાળકને જે કંઈ મળી શકે છે તે બીજી કોઈ સ્ત્રી પાસેથી નથી મળી શકતું.

પ્રત્યેક બાળક માટે મા જ તેની જનની હોય છે અને કાણો, કુરૂપ, ગંદો, અવિકસિત બાળક પણ માને માટે સહુથી અધિક પ્રિય હોય છે. ધર્મની બહેનો ગમે તેટલી બનાવવામાં આવે, પરંતુ ભાઈ માટે જે એક આનંદ-ઉલ્લાસભર્યું હૃદય એક સગી બહેનમાં હોય છે તે બીજામાં દુર્લભ હોય છે. આ રીતે આપણે જોઈ શકીએ છીએ કે ગૃહસ્થાશ્રમ શારીરિક સંબંધો પર ટકી રહ્યો છે. એમ છતાં સ્નેહમય, દિવ્ય તથા સૂક્ષ્મ આધારસ્તંભો પર આ પુણ્યશાળી ભવનનું નિર્માણ થયેલું છે. પારિવારિક જીવનમાં સંબંધોની આ દિવ્યતા જ ગૃહસ્થજીવનનો આત્મા છે.

ગૃહસ્થાશ્રમ વૃત્તિઓને પવિત્ર કરવાની, જીવનની સાધના કરવાની એક રચનાત્મક પ્રયોગશાળા છે. મનુષ્યની કામવાસનાને પતિપત્નીમાં એકબીજા પ્રત્યે કર્તવ્ય, નિષ્ઠા અને પ્રેમમાં બદલી નાખીને કામોપભોગને એક સાંસ્કૃતિક સંસ્કાર બનાવી સામાજિક મૂલ્યમાં બદલી નાખવો એ ગૃહસ્થાશ્રમની જ ભેટ છે. યાદ રાખવું જોઈએ કે ગૃહસ્થાશ્રમી શરીર અથવા રૂપને જોતો નથી.

કર્તવ્ય, જવાબદારી, પ્રેમની નિષ્ઠા જેમ જેમ વધતી જાય છે તેમ તેમ શારીરિકતા નષ્ટ થતી જાય છે અને ક્રમશઃ પૂર્ણરૂપે શારીરિકતાનો અંત આવી ઉપરોક્ત દિવ્ય આધાર મુખ્ય બની જાય છે. કામુકતા પણ નષ્ટ થઈ જાય છે. એટલા માટે ગૃહસ્થાશ્રમ કામોપભોગનું પ્રમાણપત્ર નથી, પરંતુ સંયમ તથા બ્રહ્મચર્યનું પ્રમાણ છે. તે સંયમનું એક ક્રમિક, પરંતુ વ્યાવહારિક સાધના સ્થળ છે. સેવા, શુશ્રુષા, ભરણપોષણ તથા શિક્ષણ સુધી બીજાઓ પ્રત્યે પ્રેમ,



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ત્યાગ અને સહિષ્ણુતાના માધ્યમથી મનુષ્યની કામશક્તિ સંસ્કારી તથા નિર્મળ બનીને મનુષ્યને વ્યવસ્થિત સંયમિત અને દિવ્ય બનાવવાનો આધાર બની જાય છે.

ગૃહસ્થ તપ અને ત્યાગનું જીવન છે. ગૃહસ્થીના નિર્વાહ માટે કરવામાં આવતા પ્રયત્નો કોઈ પણ તપ કરતાં ઊતરતા નથી. કુટુંબનો ભાર ઉપાડવો, પરિવારના સભ્યોને સુવિધાપૂર્ણ જીવનના સાધનો આપવાં, સ્ત્રી, બાળકો, માતાપિતા અન્ય પરિજનોની સેવા કરવી તે બહુ જ અઘરી તપસ્યા છે. ગૃહસ્થમાં મનુષ્યે પોતાની ઘણી બધી પ્રવૃત્તિઓ પર પોતે જ અંકુશ રાખવો પડે છે. કોઈ પણ ગૃહસ્થ પોતે ઓછું ખાઈ લે છે. જૂનાં જર્જરિત કપડાં પહેરી લે છે, પરંતુ પરિવારના બીજા સભ્યોની સારસંભાળ, વસ્ત્ર, ભોજન, બાળકોના ભણતરની વગેરેની બધી જ વ્યવસ્થા કરે છે. પોતે ભૂખ્યાં રહીને પણ માબાપ બાળકોને ભણાવે છે. ફાટેલાં કપડાં પોતે પહેરી બાળકોને સુંદર કપડાં પહેરાવે છે. ગૃહસ્થાશ્રમમાં જવાબદાર વ્યક્તિ સામે અન્ય સભ્યોને સુખી તથા સંતુષ્ટ રાખવાનું ધ્યાન મુખ્ય હોય છે, જ્યારે પોતાનું ગૌણ હોય છે. આ બાજુ ગૃહિણી ઘરમાં બધાના જમ્યા પછી જે વધે છે તે ખાઈ લે છે. બધાની સેવામાં રાતદિવસ રચીપચી રહે છે અને તે પણ કોઈ જાતની અપેક્ષા વગર. ખરેખર ગૃહસ્થાશ્રમ તપ અને ત્યાગનો એક યજ્ઞ છે. પ્રત્યેક સભ્ય ઉદારતાપૂર્વક સહજ રીતે જ એકબીજા માટે કષ્ટ સહન કરે છે, એકબીજા માટે ત્યાગ કરે છે.

ગૃહસ્થાશ્રમ એ સમાજને સારા નાગરિકો પુરા પાડતી ખાણ છે. ભક્ત, જ્ઞાની, સંત, મહાત્મા, મહાપુરુષ, વિદ્વાન, પંડિત વગેરે ગૃહસ્થાશ્રમમાંથી નીકળી આવે છે. એમના જન્મથી માંડીને શિક્ષણ-દીક્ષા, ભરણ-પોષણ, જ્ઞાનવર્ધન વગેરે ગૃહસ્થાશ્રમમાં જ થાય છે. પરિવારમાં જ મનુષ્યને સર્વોપરી શિક્ષણ મળે છે.

ગૃહસ્થાશ્રમની સર્વોપરી ઉપલબ્ધિ તેનો આતિથ્ય ધર્મ છે. અતિથિ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ધર્મ સમાજમાં કેટલો બધો અગત્યનો છે કે જેને સંયોગવશાત ક્યાંય ભોજન ન મળે, જે સંજોગથી જ કોઈના ઘરે પહોંચી જાય તો તેને જમાડયા સિવાય ગૃહસ્થ ભોજન કરતો નથી. ગામમાં કે આડોશ-પાડોશમાં કોઈ ભૂખ્યો રહી ન જાય એટલા માટે દરરોજ નિયમિત કોઈ અતિથિને ભોજન કરાવ્યા સિવાય કશું જ ન જમવું તે આપણા ગૃહસ્થાશ્રમની પરંપરા છે. અન્ય ઉચ્ચ કાર્યો કરતા તપસ્વી, ત્યાગી, સંન્યાસી કે સેવકોનું જીવન ગૃહસ્થાશ્રમમાં જ ઘડાય છે.

ગૃહસ્થાશ્રમ સામાજિક સંગઠન, માનવીય મૂલ્યોની સ્થાપના, સમાજનિષ્ઠા તથા ભૌતિક વિકાસની સાથે સાથે મનુષ્યના આધ્યાત્મિક અને માનસિક વિકાસનું ક્ષેત્ર છે. ગૃહસ્થાશ્રમ જ સમાજના વ્યવસ્થિત સ્વરૂપનો આધાર છે.

## ગૃહસ્થમાં વૈરાગ્ય

ગૃહસ્થાશ્રમની નિંદા કરતાં કોઈ કોઈ સજ્જનને એવું કહેતાં સાંભળવામાં આવ્યા છે કે "ઘરગૃહસ્થીમાં રહેવું એ માયામાં ફસાવા જેવું છે." એમની દૃષ્ટિએ ઘરગૃહસ્થી માયાનો પટારો છે અને ગૃહસ્થાશ્રમમાં ન રહેવું એ સ્વર્ગમાં રહેવાની નિશાની છે, પરંતુ વિચાર કરતાં માલૂમ પડે છે કે ઉપરોક્ત કથનનો કોઈ વિશેષ અર્થ નથી કારણ કે માયાનું બંધન બહારની વસ્તુ અથવા બહારના મનુષ્યોમાં નહિ, પરંતુ આપણી મનોવૃત્તિઓમાં છે. જો મન અપવિત્ર હોય; કામ, ક્રોધ, લોભ તથા મોહથી ભરેલું હોય તો જે વાતો ગૃહસ્થાશ્રમમાં થાય છે તે સંન્યાસમાં પણ થવાની જ. અમે જોયું છે કે ઘણા બાવાઓ, કહેવાતા મહારાજો ભિક્ષા માગી માગીને ધન એકત્ર કરે છે અને મૃત્યુ પામે છે ત્યારે તેમની પાસેથી વિપુલ પ્રમાણમાં ધન મળી આવે છે. અમે જોયું છે કે ઘર વગરના લોકોની ઈન્દ્રિયો પણ લોલુપ હોય છે. શબ્દ, રસ, રૂપ, ગંધ, સ્પર્શમાં તેઓ લોલુપ રુચિ પ્રગટ કરે છે, તેમના આકર્ષણથી ખેંચાય છે. પોતાની વસ્તુઓ પ્રત્યે, કુટિ, વસ્ત્ર, પુસ્તક, પાત્ર, શિષ્ય, સાથી વગેરે પ્રત્યે મમતા રાખે છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આ બધીજ વાતો બીજા રૂપમાં ગૃહસ્થાશ્રમમાં હોય છે.

વૈરાગ્ય, ત્યાગ, વિરક્તિ વગેરે મહાતત્ત્વોનો સીધો સંબંધ પોતાના મનોભાવો સાથે હોય છે. જો ભાવનાઓ સંકુચિત હોય, કલુષિત હોય, સ્વાર્થમયી હોય તો મનુષ્ય ગમે તેવી ઉત્તમ સાત્વિક સ્થિતિમાં રહેતો હોય, છતાં પણ મનના વિકારો ત્યાં પણ પાપમય દુરાચારી સૃષ્ટિ બનાવશે. જો ભાવનાઓ ઉદાર તથા ઉત્તમ હશે તો અનિષ્ટકારક સ્થિતિમાં પણ મનુષ્ય પુણ્ય તથા પવિત્રતા ઉત્પન્ન કરશે. મહાત્મા ઈમર્સન કહ્યા કરતા હતા કે "મને નરકમાં મોકલવામાં આવે તો પણ હું ત્યાં મારે માટે સ્વર્ગ બનાવી લઈશ." વાસ્તવિક સત્ય એ છે કે દરેક વ્યક્તિ પોતાની આંતરિક સ્થિતિનું પ્રતિબિંબ દુનિયાના દર્પણમાં જુએ છે. અગર જો તેના મનમાં માયા હોય તો ઘર, વન, જંગલ, મંદિર, સ્વર્ગ બધીજ જગ્યાએ માયા છે. માયા સિવાય બીજું કશું જ નથી. જો મન સાફ હોય, પવિત્રતા, પ્રેમ અને પરમાર્થની દૃષ્ટિ હોય, તો ઘરનો એકે એક ખૂણો પુનિત તપોવનથી કોઈ પણ રીતે ઓછો નથી. રાજા જનક જેવા અનેક ઋષિઓ થઈ ગયા, જેમણે ગૃહસ્થાશ્રમમાં રહેવાની સાધના કરી અને પરમપદ પ્રાપ્ત કર્યું.

વીરતા ભાગવામાં નહિ, પરંતુ લડવામાં છે. અગર ગૃહસ્થાશ્રમમાં અનેક મુશ્કેલીઓ છે તો તેનાથી ડરીને દૂર ભાગવું વાજબી નથી.

પાણીમાં પ્રવેશ્યા વિના તરતાં કેવી રીતે શીખી શકાય ? કોઈ એમ કહે કે હું અખાડામાં જઈ વ્યાયામ કરવાની કઠિનાઈમાં પડવા માગતો નથી, પરંતુ પહેલવાન બનવાની ઈચ્છા રાખું છું, તો તેની વાત બાળકો જેવી ઘેલી લાગે. કામ, ક્રોધ, લોભ તથા મોહની વિપત્તિઓ આવવી, તેમનો અનુભવ તથા પરિચય મેળવવો, તેમની સામે લડીને વિજય મેળવવો- આ બધાના અભ્યાસાર્થે વર્ણાશ્રમ ધર્મના તત્ત્વદર્શી આચાર્યો ગૃહસ્થાશ્રમને સર્વશ્રેષ્ઠ તથા સર્વોપરી આશ્રમ માને છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સંપૂર્ણ દેવર્ષિ આ મહાન ગુફામાં(ગૃહસ્થાશ્રમમાં) પેદા થયા છે અને વિકસિત થયા છે. જરા કલ્પના તો કરો કે જો ગૃહસ્થ ધર્મ, જેને મૂર્ખાઓ માયા તથા બંધન ગણે છે તે ગૃહસ્થાશ્રમ ન હોત તો રામ, કૃષ્ણ, બુદ્ધ, ઈસુ, મહંમદ, ગાંધીજી વગેરે ક્યાંથી આવત? સીતા, સાવિત્રી, અનસૂયા, મદાલસા, દમયન્તી, પાર્વતી વગેરે સતીઓનાં કથાચરિત્રો ક્યાંથી સાંભળવા મળત? ઈતિહાસનાં પાનાં પર ઝળહળતા ઉજ્જવળ વીરપુરુષો ક્યાંથી જોવા મળત? અન્ય ત્રણેય આશ્રમ તો બાળકો છે, જ્યારે ગૃહસ્થ તેમના પિતા છે. પિતાને બંધન કહેવું, નરક બતાવવું અને ત્યજવા યોગ ગણાવો એ એક પ્રકારનું અવિવેકીપણું છે.

જવાબદારીઓનો બોજ વહન કર્યા વગર કોઈ વ્યક્તિ વાસ્તવિક, ગંભીર અને જવાબદાર બનતો નથી. અલ્લડ વાછરડાંઓ બહુજ કૂદાકૂદ કરે છે, પરંતુ જ્યારે ખભા પર ભાર વહન કરવાનો આવી પડે છે ત્યારે સાવધાનીથી એક એક પગલું ભરવું પડે. હાથી જ્યારે ઊંડા પાણીમાં ઊતરે છે ત્યારે પોતાનો એક પગ બરાબર ગોઠવે છે, પછી જ બીજો પગ આગળ મૂકે છે. તેની બધી સાવધાની અને હોશિયારી એ વખતે એક જ સ્થાન પર કેન્દ્રીભૂત થઈ જાય છે. જે ચિત્તવૃત્તિ નિરોધને-એકાગ્રતાને પાતંજલિએ યોગ કહ્યો છે તે એકાગ્રતા માત્ર વાતો કરવાથી નથી આવતી. એના માટે એક પ્રેરણા જવાબદાર હોવી જોઈએ. ગૃહસ્થાશ્રમનો ભાર આવી પડતાં મનુષ્ય જવાબદારી ઉપાડવા તૈયાર થાય છે. પોતાનો અને પોતાના પરિવારનો ભાર પોતાની પીઠ ઉપર ઉચકીને ચાલવું પડે છે. એટલા માટે ઉચ્છૃલંખતા છોડીને તે જવાબદારી અનુભવે છે. આ જવાબદારી જ આગળ જતાં વિવેકશીલતામાં બદલાઈ જાય છે. રાજાને એક રાજ્યનાં સંચાલનની જવાબદારી લઈ જેવી રીતે સંભાળીને ચાલવું પડે છે, તેવી જ રીતે એક સદ્ગૃહસ્થે પૂરી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

દીર્ઘદષ્ટિ, વિચારશીલતા, ધૈર્ય, સહનશીલતા અને આત્મસંયમ સાથે એક એક કદમ ઉઠાવી આગળ વધવું પડે છે. ચાબુક ચલાવનાર ઘોડેસ્વાર જેવી રીતે ઘોડાને સારી ચાલ શિખવાડીને તેને કાયમ માટે સારામાં સારો ઘોડો બનાવી દે છે તેવી રીતે ગૃહસ્થધર્મ પણ મારીઠોકીને, કડવા-મીઠા અનુભવ કરાવીને એક મનુષ્યને આત્મસંયમી, દીર્ઘદષ્ટિવાળો ગંભીર તથા સ્થિરચિત્ત બનાવી દે છે. આ બધાં યોગનાં લક્ષણ છે. જેમ ફળ પાકી જતાં ડાળી પરથી આપોઆપ છૂટું પડી જાય છે એવી જ રીતે સમય જતાં ગૃહસ્થાશ્રમ રૂપી ડાળીએ વળગી રહેલ મનુષ્ય ધીરે ધીરે આત્મનિગ્રહ અને આત્મત્યાગનું શિક્ષણ મેળવતો રહે છે અને આગળ જતાં એક પ્રકારનો યોગી બની જાય છે.

લિપ્સા, લાલચ, તૃષ્ણા, લોલુપતા, અભિમાન, અવિવેક વગેરે બાબતો ત્યજવા યોગ્ય છે. આ ખરાબ બાબતો ગૃહસ્થ આશ્રમમાં પણ હોઈ શકે છે અને બીજા આશ્રમોમાં પણ હોઈ શકે એટલા માટે ગૃહસ્થાશ્રમ ત્યાગવા યોગ્ય નથી, પરંતુ પોતાની કુવાસનાઓ જ ત્યાગવા યોગ્ય છે.

## ગૃહસ્થયોગથી પરમપદ

ગૃહસ્થધર્મ એક યોગસાધના છે, જેમાં મનુષ્ય ઉપર ડગલે અને પગલે જવાબદારીઓ તથા કર્તવ્યનો ભાર છે. આ આશ્રમ આપણને આગળ ઉપર આવનાર કષ્ટદાયક જીવન માટે તૈયારી કરાવે છે. જો આમાં રહીને આપણે ઈન્દ્રિયસુખોની અસારતા, ક્ષણભંગુરતા તથા નીરસતાને ન જાણીએ અને સીધા જ સંન્યાસ અથવા વાનપ્રસ્થમાં પ્રવેશી જઈએ તો આપણી આત્મસાધનામાં વાસનાઓનું વધુ ક્ષુદ્ર ઈચ્છાઓનું તાંડવ ચાલતું રહેશે.

ગૃહસ્થાશ્રમ બીજા ત્રણેય આશ્રમોની પુષ્ટિ માટે છે. બીજા શબ્દોમાં કહેવાય છે કે બ્રહ્મચર્ય, વાનપ્રસ્થ તથા સંન્યાસ આ ત્રણે આશ્રમો ગૃહસ્થાશ્રમને વ્યવસ્થિત અને સુખશાન્તિમય ચલાવવા



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

માટે છે. બ્રહ્મચારી બ્રહ્મચર્યનું પાલન એટલા માટે કરે છે કે તેનું ભાવિ ગૃહસ્થજીવન, શક્તિપૂર્ણ અને સમૃદ્ધ રહે. વાનપ્રસ્થો અને સંન્યાસીઓ લોકકલ્યાણ માટેની સાધના કરે છે. આ લોક અને સંસારનું સુખ ઉત્પન્ન કરનાર ગૃહસ્થધર્મ જ છે. જો ગૃહસ્થાશ્રમની વ્યવસ્થા બગડી જાય તો બાકીના ત્રણ આશ્રમો સારી રીતે ચાલી શકશે નહિ.

ગૃહસ્થાશ્રમથી આત્મભાવનો વિસ્તાર થાય છે. આત્મભાવની સીમા વધીને તેમાં પરિવારના બીજા સભ્યો પણ આવી જાય છે. નાનાં નાનાં બાળકોની સેવામાં નિઃસ્વાર્થભાવે લાગી જવું પડે છે.

સ્ત્રી-પુત્ર, સગાસંબંધી, પરિવાર-પાડોશી, ઘર, પશુ-પક્ષી વગેરે પ્રત્યે આત્મીયતા વધી જાય છે. ક્રમશઃ આપણે ઉન્નતિ તરફ આગળ વધીએ છીએ. અંતમાં મનુષ્ય પૂર્ણ રૂપે આત્મસંયમી બની જાય છે. બીજાઓ માટે પોતાને ભૂલી જાય છે. પોતાપણું અહમ્ નાશ પામતું જાય છે અને ભગવાન પ્રાપ્ત થાય છે. ગૃહસ્થયોગની સાધના જ્યારે પોતાની વિકસિત અવસ્થામાં પહોંચી જાય છે ત્યારે આત્મા પરમાત્મામાં લીન થઈ જાય છે.

ગૃહસ્થ આપણને તુચ્છતા અને સંકીર્ણતાથી મહાનતા અને ઉદારતા તરફ લઈ જાય છે, સ્વાર્થને દૂર કરીને પરમાર્થી બનાવી દે છે. જો આપણે ગૃહસ્થધર્મની બધી જ જવાબદારીઓને પુરી કરતા રહીએ, સ્વાર્થ છોડી પરમાર્થની સાધના કરતા રહીએ તો બ્રહ્મ-નિર્વાણ પ્રાપ્ત કરી શકીએ છીએ.

આત્મીયતાની ઉન્નતિનો અભ્યાસ કરવા માટે સૌથી ઉત્તમ સ્થળ પોતાનું ઘર છે. આત્મીયતાની સાધનામાં આપણો દૃષ્ટિકોણ આપવા અને સેવા કરવાનો બનાવવો પડે છે. પ્રેમની ઉદાર ભાવનાઓ વડે પોતાના અંતઃકરણને પરિપૂર્ણ કરી, સગા સંબંધીઓ માટે ત્યાગ કરવો પડે છે. આ આત્મીયતાના અમલથી ઘર સ્વર્ગ બની જાય છે.

ગૃહસ્થનું સોપાન પાર કર્યા પછી જીવનયાત્રાનું એક નવું પ્રકરણ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

શરૂ થાય છે. મનુષ્યને પ્રતીત થવા લાગે છે કે સાંસારિક સુખોથી આગળ વધીને પણ કંઈક છે. કામ, ક્રોધ, લોભ તથા મોહથી ભરેલા જીવનથી તેને સંતોષ થતો નથી. તે ધીમે ધીમે આત્માના સુખમય પ્રદેશમાં પ્રવેશ કરવા માંડે છે. આત્માનો પ્રદેશ એવો મંગલમય સંસાર છે, જેમાં ઈન્દ્રિયોની લોલુપતા, આકર્ષણ અને પ્રલોભનો નથી.

ભારતવર્ષમાં લગ્નબંધનને અતિ પવિત્ર ધાર્મિક કાર્ય માનવામાં આવે છે. એમાં અનેક ઉદ્દેશોની પ્રતીતિ અને મહાન જવાબદારીઓ પૂરી કરવાનાં સાધનોનો સમાવેશ થયેલો છે. ભારતના પ્રાચીન મુનિઓએ એમાં માનવપ્રકૃતિની ઉદ્દામ પ્રવૃત્તિઓને સંયમિત કરીને, તેના દ્વારા આયોજિત પ્રજનન તથા સૃષ્ટિ વિસ્તાર, સામાજિક સુવ્યવસ્થા, સુદઢ નાગરિક નિર્માણ અને અંતમાં નિવૃત્તને ચરમ સીમાએ પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

ધર્મશાસ્ત્રનું વચન છે કે

**તથા તથૈવ કાર્યાણિ ન કાલસ્તુ વિધીયતે ।**
**અભિન્નેવ પ્રયુજ્જાનો હ્યસ્મિન્નેવ પ્રલાયતે ।**

આ સંસારની સાથે આપણો સંબંધ છે, આ જ સંસારમાં આપણો લય થઈ જશે ત્યારે જે સમયે જે કર્તવ્ય હોય તે જ કરવું જરૂરી છે. વ્યક્તિગત સુવિધા તથા અસુવિધાને લક્ષ્યમાં લઈને કર્તવ્યના પવિત્ર માર્ગથી હટવું નહિ જોઈએ. એટલા માટે ધર્મમાં ગૃહસ્થાશ્રમને તપોભૂમિ કહીને તેની મહત્તાનો સ્વીકાર કરવામાં આવ્યો છે. ત્યાં સુધી કે ધર્મની દૃષ્ટિએ ગૃહસ્થાશ્રમ જ ચારેય આશ્રમોનું મુખ્ય કેન્દ્ર છે. આ સંબંધમાં યોગીવર વશિષ્ઠનું કથન જુઓ-

**"ગૃહસ્થ એવ યજતે ગૃહસ્થસ્તુપ્યતે તપઃ ।**
**ચતુર્ણમાશ્રમાણાન્તુ ગૃહસ્થસ્તુ વિશિષ્યતે ॥"**

અર્થ : ગૃહસ્થો જ વાસ્તવિક રૂપમાં યજ્ઞ કરે છે. ગૃહસ્થો જ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વાસ્તવિક તપસ્વી છે. એટલા માટે ચારેય આશ્રમોમાં ગૃહસ્થાશ્રમ શ્રેષ્ઠ છે.

ભારતીય ધર્મ અનુસાર ગૃહસ્થાશ્રમ સાચી તપોભૂમિ છે. આ કાળમાં બે પવિત્ર આત્માઓનું પરસ્પર મિલન થાય છે તથા તેઓ જીવનના સંગ્રામમાં પ્રવેશ કરે છે, એમને ડગલે ને પગલે જવાબદારીઓ, મુશ્કેલીઓ તથા સાંસારિક સંઘર્ષની સ્પર્ધાઓમાં ભાગ લેવો પડે છે. બંને આત્માઓ પરસ્પર હળીમળીને એકબીજાની સહાયતા કરતાં કરતાં તપસ્યા અને સાધનાના માર્ગ ઉપર આગળ વધે છે.

પ્રકૃતિએ પ્રજનનક્રિયાની સિદ્ધિ નિમિત્તે, જે ઉદ્દામ વાસનાને માનવહૃદયમાં પ્રતિષ્ઠિત કરી છે તેની ઉચ્છૃંખલતા યુવાનીમાં આવીને એટલી તીવ્ર બની જાય છે કે સામાજિક તથા આધ્યાત્મિક દૃષ્ટિએ તેના પર સંયમ રાખવો જરૂરી છે. ભારતીય ધર્મે આ ઉદ્દામ પ્રવૃત્તિનો સ્વીકાર કર્યો છે તથા વિશ્વની સંસ્થિતિ અને પૂર્ણતા માટે, મનુષ્યના વિકાસ માટે તેને જરૂરી માની છે. આથી પ્રત્યેક નાગરિકને આ મહાયજ્ઞમાં જોડાઈ જવાનો આદેશ આપવામાં આવ્યો છે.

ગૃહસ્થાશ્રમ એ વિષયભોગની સામગ્રી નથી, વિલાસિતાનું મંદિર નથી, પરંતુ બે આત્માઓના પરસ્પરના સહયોગ વડે શુદ્ધ આત્મસુખ, પ્રેમ અને પુણ્યનો પવિત્ર પ્રસાદ છે, વાત્સલ્યની લીલાભૂમિ છે. નિર્વાણ પ્રાપ્તિ માટેની શાન્તિકુટીર છે. લગ્નથી મનુષ્ય સમાજનું એક અંગ બને છે, અપૂર્ણતાથી પૂર્ણતા પ્રાપ્ત કરે છે, નિર્બળમાંથી બળવાન બનવા તરફ આગળ વધે છે અને નવી જવાબદારી અને નવો આનંદ પ્રાપ્ત થાય છે. ભારતીય ઋષિઓ ગૃહસ્થાશ્રમને અનેક વ્રત, નિયમ, અનુષ્ઠાન, આતિથ્ય-સત્કાર વગેરે પુણ્ય કર્તવ્યોની લીલાભૂમિ બનાવીને તેના મહિમાને બમણો કરી દીધો છે. તેમણે કૌટુંબિક વ્યવસ્થામાં પ્રેમ અને વાત્સલ્ય તથા બીજી બાજુ પોતાનાથી નાનાઓ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

માટે અને તેમના જ હિતમાં ત્યાગ અને તપસ્યા વડે એને તપોભૂમિ સમાન પવિત્ર બનાવી દીધો છે.

એક લેખક કહે છે કે આ તપોભૂમિના પુણ્ય સ્વરૂપ અને પુણ્ય સાધનાના મધુર રહસ્યને જાણવા માટે, હું હિમાલયની એ તુષારમંડિત શિલા પર ગયો, જ્યાં હિમાલયની પુત્રી પાર્વતી તપશ્ચર્યામાં નિમગ્ન છે. એજ ભારતીય ગૃહસ્થાશ્રમના મંગલમય સ્વરૂપનું પ્રથમ દર્શન છે. ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરતા પહેલાં કન્યાએ તપોભૂમિમાં સાધના કરવી પડે છે કેમ કે જે મંગલમય ઉદ્દેશ પૂરો કરવા માટે તે પોતાના પવિત્ર તથા સુંદર જીવનનો ઉત્સર્ગ કરે છે તેના માટે તપસ્યા અને ત્યાગની ખાસ જરૂર છે. કુમારની ઉત્પત્તિ તે તપસ્યાની સિદ્ધિનું મધુર ફળ છે કેમ કે વિશ્વના રક્ષણ માટે, દેશના કલ્યાણ માટે, સમાજના અભ્યુદય માટે અને મનુષ્યતાની મર્યાદાઓને અખંડ રાખવા માટે કુમારના અવતારની ખાસ જરૂર છે. આમ પુત્ર અથવા પુત્રીના જન્મનું પણ ધાર્મિક મહત્ત્વ હોય છે. એમાં કન્યાની ઉત્કૃષ્ટ સિદ્ધિ પણ સામેલ છે.

ભારતીય વૈવાહિક જીવન મંગલમય છે. તેના પ્રત્યેક વ્રત, નિયમ, અનુષ્ઠાન, પૂજન, ચિંતન વગેરેનું ખાસ મહત્ત્વ છે. સતીત્વ તથા એક પતિવ્રતની પવિત્રતાથી ઉજ્જવળ માતૃત્વના મૃદુલ વાત્સલ્યથી વિભૂષિત જવાબદારીઓના મનોરમભાવથી પરિપૂર્ણ પ્રેમ પ્રવાહથી પૂર્ણ ભારતીય વિવાહિત જીવન ત્યાગનું તેજસ્વી તીર્થ છે, પુણ્ય અને કર્મની ભૂમિ છે. એના દ્વારા સ્ત્રીઓમાં સ્ત્રીત્વ તથા પુરુષોમાં પુરુષત્વનો વિકાસ થાય છે, નરનારીના મંગલમય ચિર મિલનના સમયે ભારતીય સમાજ એ બંનેને પ્રેમસૂત્રમાં બાંધવાની સાથે સાથે આ જન્મ તથા મૃત્યુ પછી પરલોકમાં પણ પરસ્પર સહાયતા, સહાનુભૂતિ તથા સ્નેહમય વ્યાપારના પ્રતિજ્ઞા સૂત્રમાં બાંધી લે છે.

આપણો હિંદુધર્મ જે મંગલમય સાધનાને લઈને સદા વ્યસ્ત રહે છે તે છે પ્રવૃત્તિને નિવૃત્તિના માર્ગે વાળવો. આપણે ત્યાં વાસનાને



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પ્રવૃત્તિ માનવામાં આવી છે, પરંતુ સાથે સાથે આ પ્રવૃત્તિની શુદ્ધિ તેનું ઉન્નતીકરણ અને અંતમાં નિવૃત્તિમાં પરિણમવું એ ફળ માનવામાં આવ્યું છે. લગ્નજીવન એ આપણા જીવનનું એક સ્ટેજ છે, એક તબક્કો છે, જે ભાવિ જીવનના નિર્માણમાં મદદરૂપ બને છે. આપણે સદાકાળથી માનતા આવ્યા છીએ કે અસંસ્કારી અને ઉચ્છૃંખલ પ્રવૃત્તિઓને, સાધના અને તપસ્યા વડે પરમ શાન્ત અને ત્યાગમયી બનાવી શકાય છે. વિનાશની અપેક્ષાએ વૃત્તિઓને સાચા રસ્તે દોરવી, સ્વાર્થ અને લાલચના માર્ગેથી વાળી ત્યાગ અને પ્રેમના માર્ગે વહાવવી આપણા માટે ખાસ મહત્ત્વનું છે.

આદિ કવિઓથી માંડી પંડિતરાજ જગન્નાથ સુધીનાએ પોતાના સાહિત્યમાં ગૃહસ્થાશ્રમનું મનમોહક રૂપ પ્રતિષ્ઠિત કર્યું છે. કયો એવો પ્રાંત(જિલ્લો) છે જેમાં માતૃત્વની મંગલમય મૂર્તિ, સતીત્વનો ત્યાગ, સૌંદર્ય અને વાત્સલ્યતાની ધારાઓ પ્રવાહિત થઈ ન હોય?

ગૃહસ્થમાં પ્રવેશનાર વ્યકિત એક પ્રકારના માનસિક રોગોનો શિકાર બની જાય છે. ઉંમર ઓછી હોય છે, માનસિક ભાવનાઓ વિકાસ પામી શકતી નથી, સંસારના મહત્વના કાર્યોમાં જીવ લાગતો નથી, મન ફરી ફરી સુંદર સ્ત્રીઓનાં માનસિક ચિત્રો ખડાં કરે છે અને સ્વપ્નદોષ થઈ જાય છે. અવિવાહિત પુરુષની ઉત્પાદન શક્તિ ક્ષીણ હોય છે. લગ્નથી તેને નવો ભાવ, ઉત્સાહ, સ્ફૂર્તિ અને પ્રેરણા પ્રાપ્ત થાય છે. આવી જ રીતે અવિવાહિત સ્ત્રી કુઠન, અનિદ્રા, આળસ, ચિંતા, હીસ્ટીરિયા, પ્રજનનની ગુપ્ત ભાવના, અતૃપ્ત, સ્વાર્થી અને ક્રોધી બની જાય છે. વિવાહીત સ્ત્રીનું સૌંદર્ય વધી જાય છે. શરીરના બધા અંગોનો નવીન ઢબથી વિકાસ થાય છે. મૃદુલ ભાવનાઓ- દયા, પ્રેમ, સહાનુભૂતિ, વાત્સલ્ય, કલ્યાણની અભિવૃદ્ધિ થાય છે.

ડૉક્ટર જેમ્સ કોટ, રજીસ્ટ્રાર જનરલ ઓફ સ્કોટલેન્ડે પોતાની ગણત્રી દ્વારા સાબિત કર્યું છે કે કુંવારાપણાથી મનુષ્યની ઉંમર ઓછી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

થાય છે. વિવાહિત વ્યક્તિઓમાં ૪૦ અને ૨૦ વર્ષની વચ્ચેની ૧૪૦૭ વ્યક્તિ દર વર્ષે મરે છે, પરંતુ આજ અવસ્થામાં કુંવારાઓ એક લાખમાંથી ૧૮૩૫ દર વર્ષે મરે છે. ૧૫થી ૪૦ની વયમાં મૃત્યુ પામનાર કુંવારાઓની સંખ્યા વિવાહિતો કરતાં બેગણી છે. વીમા કંપનીઓ અવિવાહિતોની અપેક્ષા વિવાહિતોને વધુ પસંદ કરે છે.

## વિવાહથી પૂર્ણતાની પ્રાપ્તિ

અલગ અલગ સ્ત્રી અને પુરુષ અપૂર્ણ છે. એના ગુણ અને સ્વભાવ પણ પોતાની અંદર એક પ્રકારની ઊણપ બીજે ક્યાંક, અદૃશ્ય વસ્તુની ઈચ્છા કરતી હોય છે. જે ગુણ એકમાં નથી હોતો, બીજામાં તેની હાજરી આકર્ષણનો વિષય બને છે. સ્ત્રી અને પુરુષોના સ્વભાવનું વિશ્લેષણ જોઈએ.

સ્ત્રીમાં લજ્જાશીલતા, ચારુતા, સહજજ્ઞાન, પતિવ્રતતા, કોમળતા, સૂક્ષ્મતા, ભાવુકતા હોય છે. માનસિક આવેગોનો તે તીવ્ર અનુભવ કરે છે. તે સ્નેહસરોવરની માછલી છે. તેને રૂપ અને સૌંદર્યનો અનુપમ જથ્થો આપવામાં આવ્યો છે. શાન્તિપ્રિયતા, સહનશીલતા અને ધૈર્ય ઘણું હોય છે તેઓ વાતો પણ બહુ ઓછી કરે છે અને સાંભળે છે પણ બહુ ઓછું.

પુરુષ પાશવિક વૃત્તિઓ, શાંતિ, ક્રોધ, કાર્યદક્ષતા તથા અહંવાદી હોય છે. ક્રિયાશીલતા અને પ્રભુતા દર્શન એના મુખ્ય ગુણ છે. પુરુષનું મગજ પાશવિક વૃતિઓના ક્ષેત્રમાં અતિ બળવાન છે. પ્રેમ, ક્રોધ, અને પ્રતિશોધ વખતે તે કાળ નિમિત્ત મુંઝવણમાં મુકાઈ જાય છે. પ્રેમમાં ઉતાવળ કરે છે. સ્વાભાવિક મજબૂત, નિર્ણાયક, પ્રમાણિક, સ્વાભિમાની, પ્રચંડ, ઉગ્ર, દાતા, ઉદાર, કઠોર પરિશ્રમી, લગામ વગરનો, વિગ્રહહીન અને યુદ્ધ કરે તેવો હોય છે. તેનું મન અસ્થિર, ચંચળ, બેકાબુ અને એક વિસ્ફોટ સમાન હોય છે.

બંનેમાં સ્વતંત્ર યૌન ભેદ મળી આવે છે. નર પ્રેમ કરવામાં ઉન્મત્ત, શીઘ્ર, આવગેપૂર્ણ કામ સ્થિતિમાં પ્રચંડ છે. તે પ્રેમ કરતાં



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પહેલાં સ્ત્રીને દરેક રીતે પોતાની બનાવવામાં સાવધ રહે છે, તે પછી પ્રેમ આરાધનામાં લાપરવાહ બની જાય છે. પુરુષના પ્રેમમાં પ્રચંડતા છે, પરંતુ તે તત્કાળ શાંત બની જતા જ્વાળામુખી સમાન હોય છે. પુરુષ માટે પ્રેમ એ એક પ્રકારનો ખેલ છે. આનાથી ઊલટું સ્ત્રીનું સંપૂર્ણ જીવન જ પ્રેમથી નિર્મિત થયેલું છે, તે પ્રેમથી જ જીવે છે અને એનાથી જ પોતાનું ભવિષ્ય બનાવે છે. તેના આંતરિક ભાવોનો વિકાસ પ્રેમથી જ થાય છે. એક કવિએ સાચું જ કહ્યું છે "પ્રેમ જ સ્ત્રીનું સંપૂર્ણ અસ્તિત્વ છે."

સ્ત્રીનો પ્રેમ શાંત, પરંતુ સતત વહેતી રહેતી નદીની જેમ ગંભીર છે. તે ઈન્દ્રિયોથી શરૂ થઈને આત્મજ્ઞાન તરફ અભિવૃદ્ધિ પ્રાપ્ત કરે છે. સ્ત્રી એકવાર પ્રેમ આપીને પોતાનું સર્વસ્વ અર્પણ કરી દે છે. તેનામાં ભક્તિભાવ, પતિવ્રત્ય અને આત્મજ્ઞાન હોવાં જોઈએ તેના કરતાં વધુ છે. હેવલોક એલિસે સાચું જ કહ્યું છે, "પુરુષોની સરખામણીમાં સ્ત્રીઓમાં મનઃક્ષેત્ર વધારે સ્થૂળ અને ફેલાયેલું છે, પરંતુ તેમનામાં તે એટલા મુખ્ય ભાવથી વ્યક્ત થતું નથી. પુરુષોની કામવાસનાની સ્વાભાવિક પ્રવૃત્તિ શક્તિનો એક અશાન્ત સ્રોત છે. તે ઉછળી ઉછળીને બીજા અનેક પ્રકારના રસ્તેથી વહી જાય છે."

સ્ત્રી પ્રેમથી શાસન કરવા ઈચ્છે છે. તેનો પ્રેમ વહેંચાઈ જાય છે, જેમાં એનાં બાળકો, પતિ, ભાઈબેન વગેરેનો સમાવેશ થાય છે. માતૃત્વનો બોજ ઉઠાવતાં તેનું વાત્સલ્ય વિકસે છે. તે કરુણા, સહાનુભૂતિ, દયા તથા પ્રેમની અનેક ધારાઓમાં વહેવા લાગે છે. તે પોતાના બાળક માટે પ્રેમ સમર્પિત તો કરે જ છે, પણ સાથેસાથે બધા જ બાળકો, પશુઓ તથા પક્ષીઓ સુધ્ધાંને ભાવિક દૃષ્ટિએ જુએ છે. સ્ત્રીની ભાવનાઓ તીવ્ર હોય છે. તેના હૃદયમાં સંવેગ અને ભાવોનું રાજ્ય છે. વિચારોમાં મગ્ન રહેવું, રાહ જોવી અને સહજ જ્ઞાન એ સ્ત્રીના સનાતન ગુણો છે. તે પોતાના સહજ જ્ઞાનથી પુરુષની સામાન્ય અને મુખ્ય જરૂરિયાતોને પહેલેથી જ જાણી લે છે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અને તે અંગે જરૂરી વ્યવસ્થા કરે છે. બીજાના મનોભાવને વાંચવા તથા ભવિષ્યમાં આવી પડનાર મુશ્કેલીઓનું અનુમાન કરવાની વિશેષ ગુપ્ત મનોવૈજ્ઞાનિક શક્તિઓ તેને આપવામાં આવી છે.

ડૉ. બર્નાર્ડ કાલેકરના મત પ્રમાણે મોટા ભાગની સ્ત્રીઓ એક તીક્ષ્ણ અને ઊંડી દૃષ્ટિથી જાણી લે છે કે આ વ્યક્તિ કેવી છે? તે દગાખોર-બદમાશ છે કે સજ્જન નૈતિક? કે બુદ્ધિમાન. મૂર્ખ સ્ત્રી દુરાચારી વ્યક્તિઓના અંકુશ હેઠળ આવી શકે છે, પરંતુ બુદ્ધિશાળી સ્ત્રી ખૂબ જ ચતુર હોય છે. તે માણસના ચહેરા ઉપરથી તેની અંદરના મનોભાવ જાણી શકે છે. તમે જો સ્ત્રીઓ પાસે તમારા દુઃખદર્દનું વર્ણન કરશો તો તે સહાનુભૂતિ પ્રગટ કરશે. તે પુરુષોની તુલનામાં વધુ ભાવુક છે. ઘણા પ્રકારના માનસિક ભાવોનો પ્રકાશ અનુભવે છે, ધાર્મિક વિચારોમાં તે પુરાણા સંસ્કારોને વળગી રહે છે. સ્ત્રી પુરુષ કરતાં વધારે વ્યવહાર-કુશળ છે. તે પોતાના વ્યવહારમાં વધુ ઉદાર હોય છે. પુરુષના પ્રેમ ઉપર હંમેશાં વિચાર કર્યા કરે છે અને પોતાના માટે પ્રશંસાયુક્ત વાક્યો સાંભળવા માટે હંમેશાં તલસતી રહે છે. ટૂંકમાં, પુરુષની સરખામણીમાં તે વધુ સહનશીલ, શાંત, પ્રતિભાસંપન્ન, ઉદાર તથા જ્ઞાનયુક્ત હોય છે.

લગ્નમાં સ્ત્રી પુરુષના વિરુદ્ધ ગુણો એકબીજા સાથે મળીને પૂર્ણ સૃષ્ટિ રચે છે. બંનેનો સંગમ સમાજનું એક અંગ (યુનિટ) બને છે. એ યુનિટ સમ્મિલિત રૂપમાં સમાજને આગળ વધારે છે. ન તો પુરુષ સ્ત્રીની બરાબર છે કે ન તો સ્ત્રી પુરુષોનું અનુકરણ કરી પોતાનામાં તેમને ઉત્પન્ન કરી શકે છે. સૃષ્ટિકર્તાની રચના જ એવી છે કે બે વિભિન્ન ગુણવાળાં પ્રાણી ભાઈચારો અને પરસ્પરની ભાગીદારીથી એકબીજાના સ્વભાવ અને પ્રકૃતિને સમજીને સમ્મિલિત રૂપથી આગળ વધે છે. સ્ત્રી અને પુરુષના ગુણદોષ તથા પ્રકૃતિ એક સ્થળે ભેગાં મળતાં 'મનુષ્ય' બને છે. જો



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

એ બંને લિંગનાં પ્રાણીઓ એકબીજાથી જુદાં રહે અથવા લૈંગિક પ્રતિયોગિતાઓમાં જકડાયેલાં રહે તો ગૃહસ્થીઓમાં પરસ્પર કજિયાકંકાસ વધશે તથા સમાજની સમતા નાશ પામશે.

શ્રી સંતરામજીએ લખ્યું છે કે ગૃહસ્થી એક ભાગીદારી પેઢી છે. આ ભાગીદારી પેઢીના મુખ્ય બે ભાગીદારો છે- સ્ત્રી અને પુરુષ. આ દુકાન ત્યારે જ ફૂલેફાલે અને લાભદાયી બને કે જ્યારે આ બંને ભાગીદાર એકબીજાના સ્વભાવ, પ્રકૃતિ, ગુણદોષ, જરૂરિયાત અને વિશેષતાઓને સમજતા હોય. એકબીજાનો સંપર્ક થતો ન રહે તો ભાગીદારી સારી રીતે ચાલી શકતી નથી. વિજ્ઞાને સ્ત્રી અને પુરુષની તુલનાની ઘોષણા કરી છે, નહિ કે સમાનતાની. મુદ્દાની વાત એ છે કે સ્ત્રી અને પુરુષ બંનેના સંયોગથી જ મનુષ્ય બને છે.

લગ્ન પછી પુરુષે સ્ત્રીના સુખ માટે તથા સ્ત્રીએ પુરુષના આનંદ માટે કંઈક બલિદાન આપવું પડે છે. બંને એકબીજાને સુખી જોવા ઈચ્છે છે. પોતાના જીવનસાથી માટે વધુમાં વધુ ત્યાગ કરવા તત્પર રહે છે. આમ સ્વાર્થ અને સંકુચિતતા નાશ પામતાં ત્યાગ અને ઉદારતાની ભાવનાઓ જાગૃત થાય છે. જીવનનો ક્રમ છે "સુખની દિશામાં આગળ વધવું." આ ત્યાગના પરિણામે બંને સુખી રહે છે. એકબીજા માટે કંઈક કરી છૂટવાની વૃત્તિને લીધે પોતાના સુખ માટે રાજમાર્ગ તૈયાર થાય છે. આ પ્રવૃત્તિનો જન્મદાતા છે કર્તવ્યનિષ્ઠ ગૃહસ્થજીવન. ગૃહસ્થજીવન એક એવી પાઠશાળા છે, જેમાં સ્ત્રીપુરુષના સ્વભાવ એક બનીને એકબીજાની ઊણપ પૂરી કરીને વધુમાં વધુ સુખસમૃદ્ધિ અને સમાજકલ્યાણ માટે આગળ વધે છે.

વિવાહિત સ્ત્રી-પુરુષ ત્યાગ અને સમર્પણની પ્રત્યક્ષ મૂર્તિ છે. પુરુષ સિંહની જેમ બળવાન, ક્રોધી અને ઉગ્ર મનોવિકારોથી ભરપૂર લડાયક જીવ છે, પરંતુ પોતાની પત્ની તરફ તે દયાળુ બની જાય છે. જે નારીને તે પારકા ઘરમાંથી લઈ આવે છે તેને પોતાના



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ઘરની સંપૂર્ણ વ્યવસ્થા, છૂપી વાતો વગેરે બતાવીને નિરાંત અનુભવે છે. કમાણી કરીને તે નાણાં પોતાની લક્ષ્મીસ્વરૂપ સ્ત્રીને આપી દે છે. તે પોતે પોતાના માટે કશું જ પાસે રાખતો નથી. સ્વયં ભૂખ્યો રહીને પણ પત્ની માટે ઉત્તમમાં ઉત્તમ સામગ્રી લાવી આપે છે. આવી જ રીતે પત્ની પોતે પણ દુઃખ સહન કરીને ઘરનાં કાર્યોમાં મગ્ન રહીને પતિને સુખી જોવાની ઈચ્છા રાખતી હોય છે. તે પોતાનું સુખ, ખાવુંપીવું, પહેરવું વગેરે પતિના સુખ અર્થે ત્યજી દે છે. આ પરસ્પર આત્મસમર્પણ જ ગૃહસ્થ-જીવનનું નિર્માણ કરે છે.

'યોગ'નો અર્થ છે 'જોડાવું-મળવું'. મનુષ્યની સામાન્ય સ્થિતિ એવી હોય છે કે જેમાં તે અપૂર્ણ હોય છે. આ અપૂર્ણતાને દૂર કરવા તે કોઈ બીજી શક્તિ સાથે પોતાને જોડીને અધિક શક્તિ પ્રાપ્ત કરે છે, પોતાનું સામર્થ્ય વધારે છે અને આ સામર્થ્યના બળથી અપૂર્ણતાને દૂર કરી પૂર્ણતાની દિશા તરફ તીવ્રતાથી આગળ વધતો જાય છે. યોગનો આ જ ઉદ્દેશ છે. આ ઉદ્દેશની પૂર્તિ માટે હઠયોગ, રાજયોગ, જપયોગ, લયયોગ, તંત્રયોગ, ભક્તિયોગ, જ્ઞાનયોગ, કર્મયોગ, સ્વરયોગ, ઋજુયોગ, મહાયોગ, કુંડલિની યોગ, બુદ્ધિયોગ, સમસ્વયોગ, પ્રાણયોગ, ધ્યાનયોગ, સાંખ્યયોગ, જડયોગ, સૂર્યયોગ, ચંદ્રયોગ, સહજયોગ, પ્રણવયોગ, નિત્યયોગ વગેરે પ્રસિદ્ધ ૮૪ યોગ અને ૭૦૦ અપ્રસિદ્ધ યોગ છે. આ વિભિન્ન યોગોની કાર્યપ્રણાલી, વિધિવ્યવસ્થા અને સાધના પદ્ધતિ એકબીજાથી તદ્દન ભિન્ન છે, તેમ છતાં આ બધાના મૂળમાં એક જ તથ્ય કામ કરી રહ્યું છે. બધાનાં માધ્યમ અલગ અલગ છે, તેમ છતાં આ બધાં જ માધ્યમો દ્વારા એક જ તત્ત્વ ગ્રહણ કરવામાં આવે છે. તુચ્છતાથી મહાનતા તરફ, અપૂર્ણતાથી પૂર્ણતા તરફ, અસત્‌થી સત્‌ તરફ, અંધકારમાંથી પ્રકાશ તરફ તથા મૃત્યુથી અમૃત તરફ જે પ્રગતિ થાય છે તેનું નામ જ યોગ છે. આત્માને પરમાત્મા



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

બનાવવાનો પ્રયત્ન તે યોગ છે. આ પ્રયત્નો જે જે માર્ગો વડે કરવામાં આવે છે તેને યોગમાર્ગ કહેવામાં આવે છે.

એક સ્થળે પહોંચવા માટે જુદી જુદી દિશાઓમાં જુદા જુદા માર્ગ હોય છે, તેવી જ રીતે આત્મવિસ્તાર માટે પણ ઘણા માર્ગ છે. આ માર્ગોમાં સ્થૂળ દષ્ટિએ અલગતાપણું હોવા છતાં સૂક્ષ્મદષ્ટિએ તે પૂર્ણ રૂપથી એક જ હોય છે. જેવી રીતે ભૂખ સંતોષવા કોઈ રોટલી, કોઈ ભાત, કોઈ ચણા, કોઈ મીઠાઈ, કોઈ ફળ, તો કોઈ માંસ ખાય છે. આ બધી ચીજો એકબીજાથી બિલકુલ અલગ અલગ પ્રકારની હોય છે, તેમ છતાં એ બધા વડે 'ભૂખ સંતોષવાનો' એક જ મહત્ત્વપૂર્ણ ઉદ્દેશ્ય પૂરો થાય છે. સીમા બેમાંથી વધીને ત્રણ સુધી પહોંચે છે. ધીરેધીરે આ મર્યાદા વધતી જાય છે. પિતા કોઈ સ્વાદિષ્ટ મિષ્ટાન લાવે તો પોતે ખાતા નથી પરંતુ બાળકોને વહેંચી આપે છે. ખુદ મુશ્કેલીઓમાં રહીને પણ બાળકોની તંદુરસ્તી, શિક્ષણ અને પ્રસન્નતાનું ધ્યાન રાખે છે. દિવસે દિવસે પોતાની જરૂરિયાતો ઉપર અંકુશ આવતો જાય છે. આત્મસંયમ શીખતો જાય છે અને સ્ત્રી પુરુષ સંબંધી, પરિજન વગેરેમાં પોતાની આત્મીયતા વધારતો જાય છે. ક્રમશઃ આત્મોન્નતિ તરફ આગળ વધતો જાય છે.

ભગવાન મનુનું કથન છે કે પુરુષ, તેની પત્ની અને બાળકો ભેગાં મળીને જ એક પૂર્ણ મનુષ્ય બને છે. જ્યાં સુધી આ બધું નથી થતું ત્યાં સુધી તે અધકચરો, અધૂરો અને ખંડિત મનુષ્ય જ રહે છે. જેવી રીતે પ્રવેશ પરીક્ષા પાસ કર્યા વગર કોલેજમાં પ્રવેશ મળી શકતો નથી એવી જ રીતે ગૃહસ્થનું શિક્ષણ મેળવ્યા વગર વાનપ્રસ્થ, સંન્યાસ વગેરેમાં પ્રવેશ મેળવવો અઘરો છે. આત્મીયતાનું ક્ષેત્ર ધીરે ધીરે વધે છે. એકમાંથી પતિ-પત્ની થતા બેમાં, ફરી બાળક સાથે ત્રણમાં, સંબધીઓમાં, પડોશીઓમાં, ગામ, જિલ્લામાં, દેશમાં અને સારા રાષ્ટ્રમાં અને વિશ્વમાં આ આત્મીયતા ધીરે ધીરે વધતી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જાય છે. આગળ જતાં સમગ્ર મનુષ્યજાતિમાં આત્મભાવ ફેલાય છે, પછી પશુપક્ષીઓમાં કીટકો-પતંગિયાંમાં, જડ-ચેતનમાં આ આત્મભાવ વિસ્તરણ પામે છે. જે પ્રગતિ એકમાંથી વધીને બેમાં, બેથી ત્રણમાં થઈ હતી એ જ ઉન્નતિ ધીરે ધીરે આગળ વધતી જાય છે અને મનુષ્ય સંપૂર્ણ જડ-ચેતનમાં આત્મસત્તાને જ સમાયેલી જુએ છે. એને પરમાત્માની દિવ્ય જ્યોતિ સર્વત્ર ઝળહળતી દેખાય છે. મનને પોતાની પત્ની સુધી જેટલા અંશે ફેલાવવામાં આવે છે, એટલા અંશે પોતાની જરૂરિયાત પર સંયમ આવે છે. બાળકો હોવાથી આ આત્મસંયમ વધુ વધે છે. અંતમાં જીવ પૂર્ણપણે આત્મસંયમી બની જાય છે. બીજાઓ માટે પોતાને ભૂલી જવાનો અભ્યાસ ધીરે ધીરે એટલો બધો પુષ્ટ બની જાય છે કે પોતાનું કશું રહેતું જ નથી, બધું જ વેરાન બની જાય છે. 'મેરા મુઝકો કુછ નહિ, જો કુછ હે સો તેરા'નો અવાજ તેના અંતઃકરણમાંથી નીકળવા લાગે છે. "હું" નાશ પામે છે અને ઈશ્વરની પ્રાપ્તિ થતી જાય છે. 'હું'નો અન્ત આવવાથી 'તું' બાકી રહે છે. ગૃહસ્થયોગની નાની અમથી સર્વસુલભ સાધના જ્યારે પોતાની વિકસિત અવસ્થા સુધી પહોંચે છે ત્યારે આત્મા પરમાત્મા બની જાય છે. અપૂર્ણતામાંથી મુક્તિ મેળવીને પૂર્ણતામાં પ્રવેશ પામે છે અને યોગનો વાસ્તવિક ઉદ્દેશ્ય પૂરો થઈ જાય છે.

## ગૃહસ્થયોગથી પરમ પદ

પુણ્ય અને પાપ કોઈ કાર્યના બહારના રૂપ પર નહિ, પરંતુ તે કાર્ય કરનારની ભાવના ઉપર આધારિત છે. કોઈ પણ કાર્યનું બાહ્ય રૂપ ગમે તેટલું સારું, ઉચ્ચ અથવા ઉત્તમ કેમ ન હોય, પરંતુ જો કાર્ય કરવાવાળાની આંતરિક ભાવનાઓ ખરાબ હોય તો ઈશ્વરના દરબારમાં તે કાર્ય પાપ ગણાશે. લોકોને છેતરી શકાય છે, દુનિયાને ભ્રમ-ભૂલાવવામાં નાખી શકાય છે, પરંતુ પરમાત્માને છેતરવા અશક્ય છે. ઈશ્વરના દરબારમાં કાર્યના બાહ્ય રૂપને જોઈને નહિ,



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પરંતુ કરનારની ભાવનાઓ પારખીને ધર્મ અધર્મનું માપ-તોલ કરવામાં આવે છે.

આજે આપણે આવા અનેક ઢોંગી-ધુતારાઓને આપણી આજુબાજુમાં જોઈએ છીએ કે જેઓ કહેવા ખાતર તો મોટાં મોટાં સારાં કાર્યો કરે છે, પરંતુ એની પાછળનો એમનો ઉદ્દેશ્ય ખૂબ ગંદો હોય છે. અનાથાશ્રમ, વિધવાશ્રમ, ગૌશાળા વગેરે પવિત્ર સંસ્થાઓની આડમાં ઘણાખરા બદમાશ માણસો પોતાની મનમાની કરતા હોય છે. યોગી, મહાત્મા, સાધુ તથા સંન્યાસીનો વેશ પહેરીને અનેક ચોર, ડાકુ, લુચ્ચા, લફંગાઓ ફરતા હોય છે. યજ્ઞ કરવાના નામે પૈસા મેળવી કેટલાય લોકો પોતાનાં ઘર ભરે છે. બહારથી જોતાં અનાથાલય, વિધવાશ્રમ, ગૌશાળા ચલાવવી; સાધુ, સંન્યાસી, મહાત્મા કે ઉપદેશક બનવું, યજ્ઞ કરવાં, કૂવા, મંદિરો બનાવવાં વગેરે સારાં કાર્યો છે. જે કરનારને પુણ્ય-ફળ મળવું જોઈએ, પરંતુ હકીકતમાં વાત એમ છે કે તે કરનારની ભાવનાઓ જો વિકૃત હશે તો આ સારાં કાર્યો પણ એની પુણ્ય સંપદામાં કોઈ વધારો નહીં કરી શકે. તે માણસ પોતાનાં પાપમય વિચારોના કારણે પાપી જ બનશે અને પાપનો નરકમય દંડ જ તેને મળશે.

જો કોઈ વ્યક્તિ સામાન્ય કામ કરતી હોય, સામાન્ય વ્યક્તિઓની જેમ જીવન વિતાવતી હોય, પરંતુ તે સામાન્ય કાર્યોમાં પણ ઉદ્દેશ, મનોભાવ અને વિચાર ઊંચા રાખતી હોય તો તે સામાન્ય કાર્ય પણ તપસ્યા જેવું પુણ્ય આપનારું બની જાય છે. એટલું જ નહિ, પરંતુ એવું પણ બને છે કે બહારથી લાગતું અધર્મયુક્ત કાર્ય પણ જો સદ્ભાવથી કરવામાં આવે તો તે પણ ધર્મ બની જાય છે, જેમકે હિંસા કરવી, કોઈના પ્રાણ લેવા, હત્યા કે રક્તપાત કરવો તે દેખીતી રીતે પાપ છે, પરંતુ આતંક ફેલાવનાર, દુષ્ટ અને દુરાત્માઓથી સંસારનું રક્ષણ કરવાની સદ્ભાવનાથી જો દુષ્ટોને મારવામાં આવે તો તે પાપ નહિ, પરંતુ પુણ્ય બની જાય છે. કૃષ્ણે અર્જુનને યુદ્ધ કરવા



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પ્રોત્સાહિત કરીને હજારો માણસોને મારી નંખાવ્યા, પરંતુ આનાથી અર્જુન અથવા કૃષ્ણને કોઈ પાપ લાગ્યું નહીં. રામ-રાવણના યુદ્ધમાં ઘણી બધી જનહાનિ થઈ, પરંતુ તે દુષ્ટોને મારનારા પાપી કે હત્યારા કહેવાયા નહીં. અહીં હિંસા પ્રત્યક્ષ રૂપમાં છે, તો પણ હિંસા કરનારા સદ્‌ભાવથી યુક્ત હતા. એટલે તેમનાં કાર્યો પુણ્યમય જ બન્યા. આ જ રીતે જુઠાણું, ચોરી, છળકપટ વગેરે સમય અનુસાર સારા ઉદ્દેશ્ય માટે કરવામાં આવે તો ધર્મમય હોય છે. તે કરનારને પાપ લાગતું નથી, પરંતુ પુણ્યફળ મળે છે.

ઉપરોક્ત વાક્યો વાંચીને વાચકોએ ભ્રમમાં ન પડવું જોઈએ. હું સત્કાર્યોની નિંદા અને અસત્કાર્યોના વખાણ નથી કરી રહ્યો. મારો મતલબ તો ફક્ત એ કહેવાનો છે કે કામનું બહારનું રૂપ કેવું છે એનાથી દુનિયાની સ્થૂળ દૃષ્ટિ જ થોડાક સમય સુધી અંજાઈ શકે છે, પરંતુ પરમાત્મા પ્રસન્ન થઈ શકતા નથી. આત્મા અને પરમાત્મા સમક્ષ તો ભાવના જ મુખ્ય છે. સંસારના લોકોની સૂક્ષ્મ બુદ્ધિ પણ ભાવનાને મહત્ત્વ આપે છે. જો કોઈએ પોતાનો કોઈ સ્વાર્થ સાધવા માટે ભોજન સમારંભ યોજ્યો હોય અને કોઈ એવું કાર્ય કર્યું હોય અને જ્યારે લોકોને અસલ વાતની ખબર પડે છે ત્યારે લોકો તેની ચાલાકી માટે મનમાં ને મનમાં હસે છે અને ઠેકડી ઉડાડે છે તથા ધર્માત્માને બદલે તેને તકસાધુ સમજવામાં આવે છે. હવે બીજી તરફ જઈએ. કોઈ વ્યક્તિ વડે ભૂલથી, મજબૂરીથી અથવા અજાણતા કોઈ ન બનવાનું બની જાય છે અને ખરી વસ્તુની જાણ થતાં તેને એ અનુચિત કાર્ય માટે ક્ષમા આપવામાં આવે છે. અદાલતો પણ વ્યક્તિના ઈરાદાઓ પર ખાસ ધ્યાન રાખે છે. અગર ગુનેગારનો ઈરાદો ખરાબ સાબિત ન થાય તો ગુનેગારને કડક સજા થતી નથી.

જીવનના દરેક કાર્યની ભલાઈ અને બૂરાઈ કર્તાની ભાવનાને



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અનુરૂપ હોય છે. જીવન ભલે સાદું હોય, પરંતુ જો વિચારો ઉચ્ચ હોય તો જીવનને પણ ઉચ્ચ જ માનવામાં આવશે. રૂપિયા પૈસા અથવા કામના આડંબર સાથે પુણ્યફળનો કોઈ ખાસ સંબંધ નથી. એક અમીર માણસ રૂપિયાના બળે મોટાંમોટાં બ્રહ્મભોજન, પૂજાપાઠ, તીર્થયાત્રા, કથાપુરાણ, મઠ-મંદિર, કૂવા-તળાવ, સદાવ્રત, યજ્ઞ હવન, વગેરેની વ્યવસ્થા સહેલાઈથી કરી શકે છે. દશ લાખ રૂપિયા ખોટી રીતે કમાઈને દશ હજાર રૂપિયા આવાં કાર્યોમાં વાપરીને ધર્માત્મા બને છે. બીજી બાજુ ગરીબ માણસ, જે ઈમાનદારીથી મહેનત મજૂરી કરતાં થોડા ગણા પૈસા કમાય છે, જેનાથી કુટુંબનું ભરણપોષણ પણ માંડ માંડ થાય છે, કાંઈ બચતું નથી, એવી દશામાં તે બિચારો બ્રહ્મભોજન, તીર્થયાત્રા, યજ્ઞ અનુષ્ઠાન વગેરેની વ્યવસ્થા કેવી રીતે કરી શકે ? જો તે ન કરી શકે તો શું તેને ધર્મહીન કહેવાશે ? શું દુનિયાની ભૌતિક વસ્તુઓની જેમ જ પુણ્યફળ પણ રૂપિયાઓથી જ ખરીદાય છે ?

આ પ્રશ્નોની છણાવટ કરતાં કરતાં વાચકોએ આ વાત હૃદયમાં ઉતારી લેવી જોઈએ કે પુણ્યનો પૈસા સાથે કોઈ જ સંબંધ નથી. પુણ્ય તો ભાવનાથી જ ખરીદી શકાય છે. આધ્યાત્મિક ક્ષેત્રમાં રૂપિયાની તતૂડી નથી વાગતી. અહીં તો ભાવના જ મુખ્ય છે. દંભ, અહંકાર, નામના, વાહવાહ, પૂજાપ્રતિષ્ઠાના પ્રદર્શન માટે ધર્મના નામે કરોડો રૂપિયા ખર્ચવા છતાં પણ એટલું પુણ્યફળ નથી મળી શકતું, જેટલું આત્મત્યાગ, શ્રદ્ધા તથા સાચા અંતઃકરણથી રોટલીનો ટુકડો આપવાથી મળી શકે છે. યાદ રાખવું જોઈએ કે સોનાનો સોનેરી ચળકાટ અને ચાંદીનો મધુર ઝગમગાટ આત્માને ઊંચે લઈ જવામાં ખાસ સહાયક નથી બનતો. આત્મિક ક્ષેત્રમાં અમીર અને ગરીબ બન્નેનો દરજ્જો એકસરખો જ છે. ભાવના દરેક અમીર તથા ગરીબને મળેલી છે. તેની ભલાઈ-બૂરાઈ ઉપર જ પુણ્યપાપનો બધો



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આધાર છે. ઘટનાઓનો ઘટાટોપ, આંજી નાખનારું પ્રદર્શન, મોટાં મોટાં કાર્યોનું વિરાટ આયોજન, રંગીન વાદળોથી બનેલ આકાશ ચિત્રોની જેમ મનોરંજક તો છે, પરંતુ તેમનું કોઈ અસ્તિત્વ નથી. સાચા હૃદયથી કરવામાં આવેલા એક ખૂબ જ નાના અને તુચ્છ કાર્યનું જેટલું મહત્ત્વ છે તેટલું દંભપૂર્વક કરવામાં આવેલા બહુ મોટા આયોજનનું નથી હોતું. ભાવનાની સચ્ચાઈ અને સાત્વિકતાની સાથે સાથે આત્મત્યાગ અને કર્તવ્યપાલન એ જ ધર્મનું માપ છે. આ ભાવનાથી પ્રેરાઈને કામ કરવું તે જ પુણ્ય છે. સદભાવના જેટલી પ્રબળ હશે તેટલો જ આત્મત્યાગ પ્રબળ હશે. ધનવાન પોતાના પૈસાને છૂટા હાથે સત્કાર્યમાં વાપરશે એવી રીતે ગરીબ પાસે જે સાધનો છે તેમને તે ઈમાનદારીપૂર્વક વાપરશે.

લોકો એમ સમજે છે કે ધાર્મિક ભાવનાઓ માટે, પુણ્યફળ મેળવવા માટે, આત્મોન્નતિ માટે, ઈશ્વરપ્રાપ્તિ માટે, સ્વર્ગ અથવા મુક્તિ માટે કોઈક વિશિષ્ટ કે મોટા કાર્યનું આયોજન કરવાની જરૂર રહે છે. અમુક પ્રકારનો પહેરવેશ, અમુક પ્રકારની રહેણીકરણી, અમુક પ્રકારનાં સાધન ભક્તિપ્રદ છે તેમ માનવું તદ્દન ખોટું છે. પહેરવેશ, રહેણીકરણી સાધકની સુવિધા માટે છે. એનાથી તેને અનુકૂળતા રહે છે, પરંતુ એના વડે કોઈને સિદ્ધિ મળતી નથી. જો વેશ પરિધાન યા રહેણીકરણીથી સિદ્ધિ મળતી હોત તો આજે જે સાધુનામધારી લાખો કર્મહીન ભિખારીઓ આમતેમ ભટકતા ફરે છે, તે મુક્તિના અધિકારી બની ગયા હોત. અનેક પ્રકારની આત્મિક સાધનાઓ અનેક પ્રકારના માનસિક વ્યાયામ છે, જેના વડે મનોભૂમિના ભાવનાક્ષેત્રને નિર્મળ, પવિત્ર તથા સાત્વિક બનાવવામાં આવે છે. આત્મોન્નતિની અનેક સાધનાઓ છે. તે બધી લાભદાયક છે કારણ કે ગમે તે રસ્તે સાચી ભાવનાઓને ઉચ્ચ બનાવવાની છે. જો મનોભૂમિ ઉચ્ચ ન બને તો બધી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સાધનાઓ નિરર્થક છે. સાધના તો એક હથિયાર છે. તેનો વિવેકપૂર્વક ઉપયોગ કરવામાં ન આવે તો સાધના નિરર્થક છે. અમુક પુસ્તકનો પાઠ કરવાથી, અમુક મંત્રોના જાપ કરવાથી યા અભ્યાસ કરવાથી જો મનોભૂમિ નિર્મળ બને તો આત્મોન્નતિ થશે, પરંતુ રૂઢીગત અંધવિશ્વાસપૂર્વક, અવિવેક સાથે કોઈ મંત્ર જાપવાથી અથવા પુસ્તક વાંચતા રહેવાથી કે શારીરિક કષ્ટ સહન કરવાથી કોઈ લાભ થતો નથી. આત્મિક પવિત્રતાથી જ જીવનલક્ષ્યને પ્રાપ્ત કરી શકાય છે. આ પવિત્રતા માટે અનેક સાધનો છે. જેમાંથી દેશ, કાળ, પાત્રને ધ્યાનમાં રાખી બુદ્ધિમાન વ્યક્તિ પોતાના માટે યોગ્ય વસ્તુ પસંદ કરી લે છે. જેમ એક જ કસરત બધા માટે અનિવાર્ય નથી એવી રીતે એક જ સાધના દરેક મુમુક્ષુ માટે જરૂરી નથી. શરીર, ઋતુ, ખોરાક, ધંધો વગેરે જોઈને જ ચતુર વ્યાયામ-વિશારદ પોતાના શિષ્યોને જુદા જુદા વ્યાયામ શિખવાડે છે. આવી જ રીતે આત્મ-તત્ત્વદર્શી આચાર્ય પણ અસંખ્ય યોગમાંથી ઉપયોગી યોગની પસંદગી પોતાના અનુયાયીઓ માટે કરે છે.

અમુક ખાસ વ્યક્તિઓને બાદ કરતાં આમાંના બધા વાંચકો માટે ગૃહસ્થયોગની સાધનાને બહુ જ જરૂરી, ઉચિત, સુલભ તથા સુખસાધ્ય સમજવામાં આવી છે. ગૃહસ્થયોગની સાધના પણ રાજયોગ, લયયોગ વગેરેની શ્રેણીમાં જ આવે છે. યોગ્ય રીતે આ મહાન વ્રતનું અનુષ્ઠાન કરવાથી મનુષ્ય જીવનના પરમ લક્ષ્યને પ્રાપ્ત કરી શકે છે અને ઘરના વાતાવરણમાં સ્વર્ગનું અવતરણ કરીને પોતે ઉલ્લાસિત તથા આનંદિત રહે છે તથા બીજાઓને પ્રસન્નતા તથા આનંદ આપે છે.

❑ ❑ ❑ ❑ ❑ ❑ ❑

મુદ્રક : યુગ નિર્માણ યોજના પ્રેસ, મથુરા.

Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org